એ નાટક હતું ?




વાર્ષિક લવાજમ ૧-૮-૦ ] શ્રી જૈન યુથ સીંડીકેટ ( તરુણ જૈન સમિતિ )નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૧૭ મો
છુટક નકલ ૧ આનો. ] તંત્રી: મણીલાલ એમ. શાહ. [ શનિવાર તા. ૧-૯-૩૪

# એ ભગવાન અમારા ન્હોય !

આશ્ચર્યાશ્ચર્ય શું આ જોઉં છું તે સાચ્ચું છે? આ તે મંદિર છે કે કોઈ રાજવીનો રાજભંડાર છે? અંદર બિરાજેલા વિતરાગ ગણાતા આ તિર્થંકરો છે કે પિતાથી પ્રખ્યાત થએલા રાજવીઓ છે, કે માનવીને રમવાનાં રમકડાં છે?

મ્હેં તો વાંચ્યું હતું કે કંચન તો શું, જીવનનાં તમામ રસ ને પ્રલોભનો વિદારીને ઋષભદેવજીથી માંડીને ભગવાન મહાવિર સુધીના તમામ તિર્થંકરો માનવબાળોને હિતાર્થે એક અનુપમ અને ભવ્ય આદર્શની માળાના મણકા થઈ રહ્યા હતા

અહિં તો એ સાવ જુદું લાગે છે. હજારો પુસ્તકોમાંથી વિતરાગોની એ ભવ્ય પ્રતિમાઓ પ્રકટતી લાગે છે, અને બધી પ્રકાશ દેતી વિદ્યુત્ત્તીની જ્યમ દેહદમનથી દાર્શનિક આદર્શ પ્રકટાવતી એ વિભુતીઓ આપણું નમન માગી લ્યે છે. એ આદર્શો આપણી નિર્બળતાને વશ થઈને વર્તનમાં મુકાય કે નહિ પણ એ પૂજ્યભાવ પ્રેરે છે; અને શક્તિ અનુસાર એને અનુસરતાં આપણને આહ્લાદ થાય છે.

પુસ્તકોમાંથી પ્રકટ થતી એ ભવ્યાદર્શની પ્રતિમાઓ અને મંદિરોમાંની આ મુર્તિઓ: બેમાં સાચું શું? ભગવાન વિતરાગ છે તે, કે ભગવાન આપણા કરતાંય વધુ લાલચોમાં લિપ્ત થએલા લાગે છે તે?

એક ચિત્ર માનસપટમાં દેખા દે છે; રાજ્ય કુટુંબ, પ્રિયતમા ને પુત્રો ત્યજી, વનવગડે જઈ દેહદમન કરતા, અપ્સરાઓનાં સૌંદર્યે અસ્પર્શ્ય, ઇંદ્રોના પ્રલોભનોથે અલિપ્ત, અને દેવોની અગ્નિપરિક્ષામાંય અડગ, એવા વિતરાગ દેવ.

બીજું ચિત્ર દૃષ્ટિ સમક્ષ દેખા દે છે: અત્તર ચોપડાવતા, સોનાના વરખ ચોંટડાવતા, આભુષણો પ્હેરતા, કંચનશોભીત 'વિતરાગ દેવ' ! ! !

જૈનોના તિર્થંકરોને અત્તર કેમ ખપે જ્યારે જૈન બાળોને રોટલે ચોપડવા તેલ પણ સાંપડતુ નથી ત્યારે? એ અત્તર વાપરતા ભગવાન જૈનોના ન હોય!

અને આ શી ઘેલછા ભગવાનને? એની સંગેમરમરની સફેત સુંવાળી ચામડીપર, સુવર્ણમય દેખાવા, સોનાના વરખ ચોંટડાવવા એને કેમ ગમે? સુવર્ણને વિષ્ટા સમજી ત્યજનારને સુવર્ણમય દેખડાવવાની પાગલતા શી? એ પાગલતાને વશ બને તે જૈન તિર્થંકર ન હોઈ શકે.

અને ઓહ પ્રભુ! આભુષણોથી મઢ્યો તું, અમને વૈરાગ્યનો ઉપદેશ દઈ રહ્યો છે? આ પર્યુષણો આવ્યાં ને જર જવાહર માગી આણીને પણ પ્હેરવા માંડ્યાં એવો તું, અમને કંચનનો ત્યાગ કરવાનું સુચવે છે? જીવન અને કવનની અસંગતતાથી ભારોભાર ભરેલો તું અમારો ભગવાન ન હોય!

'ભવને ત્યજ' કહેનાર તું, આ ત્હારે મંદિરેય ચોકી ભરતા સીપાઈઓ કેમ રાખી રહ્યો છે ભલા? છુંદાવાથી ડરતો તું અમારો ભગવાન ન હોય!

'લક્ષ્મીથી લલચાઈશ મા' એમ વદનાર તું, ત્હારે નામે આ અઢળક ધન કેમ એકત્ર કરે છે? કઈ ઈચ્છાએ તું આમ ગરીબોને રોટલામાંથી લુંટાવે છે? શ્રીમંતોના સાગરીત! તું અમારો ભગવાન ન હોય!

"પીડીતોનો ઉદ્ધારક! ગરીબોનો બેલી!" જે કહેવાય છે એ તું ન્હોય! શાસ્ત્રો જ્હેને વિતરાગ દેવ કહે છે એ તો તું કેમ કરીને હોઈ શકે?

વિતરાગ દેવ જવાહર પ્હેરે? વિતરાગ દેવ અત્તર વાપરે? વિતરાગ દેવ આભુષણે મઢાય? વિતરાગ દેવ એની રક્ષા કાજે ચોકીયાત રાખે? વિતરાગ દેવ પેઢીઓ ચલાવે? મુનિમ રાખે? વિતરાગ દેવ............

ના, ના, ના, આ મંદિરો જૈન મંદિરો ન્હોય! આ મુર્તિઓ જૈન તિર્થંકરોની ન્હોય! આ તો લાગે છે કોઈ રાજાઓ, જ્હે મશગુલ છે એમના મોજશોખમાં. **માનવીની તમામ વાસનાઓની, તમામ અલ્પતાઓની આ પ્રતિમુર્તિઓ છે!** જાવ! તું જે હો તે હો. તું અમારો ભગવાન ન હોય!

## પ્રાસંગિક નોંધ.

### પંડીત રામચંદ્રજીને અભિનંદન

લગભગ એંસી વર્ષો પર માંગરોળ રાજ્ય અને હિંદુકોમ વચ્ચે ગૌવધ ન કરવાના થયેલ કરારનો રોઠ વર્ષ પર હાલના માંગરોળ દરબારે ભંગ કરી હિંદુ કોમને દુઃખી કરવાનું કારણ આપેલું. હિંદુઓએ અનેક પ્રકારની વીનવણીઓ કરેલી છતાં કશું પરિણામ આવ્યું નહિ. આખરે એક પ્રભાતે સેવાભાવી જયપુરી યુવાન, પંડીત રામચંદ્ર શર્મા અણુધાર્યા, અણુચિંતવ્યા માંગરોળમાં જઇ ચડયા, ગૌવધના ફરમાને એનું અંતર વીંધ્યું. અનેક વિચારણા પછી એ વીરને લાગ્યું કે માંગરોળનો ધર્મસંગ્રામ બળીદાન માંગી રહ્યો છે, બળીદાન વિના ગૌમાતાપર આવેલી આફત ટળી શકશે નહિ. આ પ્રમાણે અંતર મંથન પછી એ વીરે ભીષ્મ પ્રતિજ્ઞા કરી "મીટ જાયેંગા અગર ગૌમાતાકી આફત મીટા દઇંગા" ને મરણાન્ત ઉપવાસ આદર્યા. આખરે માંગરોળ રાજ્યને ગૌવધનો હુકમ મોકુફ રાખવો પડયો અને ગૌમાતાની રક્ષા ખાતર બળીની વેદી ઉપર અડંગી વીરની પેઠે ઉભેલા એ વીરે ચોવીસમા અપવાસે પારણું કર્યું આથી અમે એ વીર અને માંગરોળના સૌ જનને ધન્યવાદ આપીએ છીએ.

આ ઉપરથી આપણે એ સમજવાનું છે કે કોઇ પણ સંગ્રામ બળીદાનની ભાવનાવિના જીતી શકાતો નથી. આપણી સમાજમાં અહિંસા, સંયમ સહન શીલતા, ને તપ માટે મશહુરબનેલા સાધુઓ છે. છતાં આપણા તીર્થોપર, સમાજપર અનેક આફતના ઓળા ઉતર્યા છે—ઉતરે છે, છતાં એમાંથી એક પણ એવો ભડવીર ધર્મ માટે બળીદાન દેવા બહાર નથી આવ્યો એ આપણા કહેવાતા ત્યાગી, વૈરાગી સંયમીઓને શરમાવનારૂં છે. જ્યારે આ દસકામાં ધર્મ ઉપર આફતો આવી છે ત્યારે મારવાડ છોડી ગુજરાતમાં ભરાઇ જવાના કીસ્સા બન્યા છે. કોઇને પાલીતાણે જતાં કંપવા વછુટયા છે. સંયમધારીઓની—અહિંસકોની જ્યાં આ દશા હોય ત્યાં એના ભકતો માટે કહેવુંજ શું?

### એ નાટક હતું?

સાધુ શાહીએ દીક્ષા અને બીજા અનેક પ્રશ્નો અંગે આદરેલ તાંડવ નૃત્યથી સમાજમાં વેર ઝેરના વંટોળાએ ફરી વળી ઘેર ઘેર કલેશની હોળી સળગાવેલી. આખરે એઆગને બુઝવવા અથવા ભારવા અમુક શ્રાવકને સાધુઓની પ્રેરણાથી અમદાવાદ મુકામે એક સાધુસંમેલન ભરાયું, અને તેને ચોત્રીસ દિવસ સુધી જુદી જુદી રીતે દેખાવો કરી 'સંઘ પટ્ટક' ના નામે ઓળખાતા અગિયાર પ્રવેશ—ઠરાવનું નાટક ભજવી હજારોનો ધુમાડો કર્યો.

અમે એને નાટક એટલા માટે કહીએ છીએ કે એના ઠરાવોના રક્ષણ—પાલન માટે જે દીવાલની જરૂર હતી તે તોફ઼ાવામાંજ રહી. કારણ કે સૌ સાચી શાન્તિ માટે એકત્ર થયા ન્હોતા, એટલે કુરિવા જ્ઞાની ધારિતએ—નબળા મનોબળે અગીયાર ઠરાવો થયા, અને ઠરાવોને ચીંથરાના ટુકડા સમજી એનો છેડે ચોક ભંગ થઇ રહયો છે છતાં કોઇ પૂછી શકતું નથી.

દીક્ષાના પ્રશ્ન અંગે જેઓના નામે સમાજના ચોપડે અનેક આરોપો છે તેવા આરોપીઓ પણ આ સંમેલનમાં હાજર હતા અને સમજતા કે આ ઠરાવો કશું કરી શકે તેમ નથી—કોઇ પૂછી શકે તેમ નથી એટલે સૌની સાથે હાએ હા ભણી સંમત થયા અને પીછું ફેરવ્યું.

હજુ તો વર્ષનો ચોથો ભાગ પસાર થયો નથી ત્યાં બ્હેન કળાવતી, કડીવાસી ભાઇ જીવણલાલ અને રતીલાલની દીક્ષાના કીસ્સાથી એમ સમજાય છે કે **સાગરાનંદ** અને **રામવિજયે** સાધુ સંમેલને કરેલા ઠરાવ પર પગ મુકી 'સંઘ પટ્ટક' ની કોડીની કીંમત આંકી છે. અમે તો ધારતાજ હતા કે જેઓ ચેલા, ચેલકીઓ માટે ગમે તેવાં કૃત્ય કરવાને તૈયાર છે તેવાઓને રોકવા જ્યાં સુધી મજબુત બંધ બાંધવામાં નહિં આવે ત્યાં સુધી એમની સાન ઠેકાણે આવવાની નથી.

આવા ધૂર્તોથી સમાજનું રક્ષણ કરવું હોય તો ઉન્મત બનેલાનું ભાન ઠેકાણે લાવવા સ્થાનિક સંઘોએ—યુવાનોએ સખ્ત બનીને એ ભાન ભુલેલાઓને ફ્રયાવી દેવા તૈયાર રહેવુંજ જોઇએ જે શહેરના અગ્રેસરોએ સેંકડો સાધુ, સાધ્વીઓને દાદમાંથી એકત્ર કરી 'સંઘ પટ્ટક' ને જન્મ આપ્યો, તેજ શહેરમાં રામવિજય તે પટ્ટકની વિરૂદ્ધ વર્તાવ કરે છતાં સૌ મૌન સેવે ત્યારે અમારે કહેવું પડે છે કે એને કોઇ પુછનાર છે કે નહિ? આ ઘટના દેખાડી આપે છે કે સમાજમાં ગમે તેવી સ્થીતિ ઉભી થાય છતાં એ ગચ્છાગ્રહ છોડવું એમને ગમતું નથી. ભલે દીક્ષીતો રહે કે ભાગી જાય એમણે તો બજાર સોદા તરીકે એ ધંધો આદર્યો છે. એટલે આવા દગલબાજોથી સમાજે પૂરતા ચેતતા રહેવાની જરૂર છે, અને આવા સોદાગરોનાં જ્યાં પગલાં પડે ત્યાં સમાજના ભલા ખાતર એના —ભલા ખાતર, ચડેલી ગરમીનો પારો ઉતારવા બહિષ્કૃત કરીને કે કપડાં ઉતારી લેવાં એજ માત્ર ઇલાજ છે.

---

**અવનવા**—(૧) નિપુણવિજયજીનું અકસ્માત સંયોગોમાં અવસાન થયું હતું તેની ફરી તપાસ સત્તાવાળાઓ તરફથી છાપાઓમાં થયેલ ઉહાપોહના લીધે હાથ ધરવામાં આવી છે. કેટલીક જુબાનીઓ લેવાઇ ગઇ છે અને સાથે વિચરનારા સાધુઓની પણ લેવાશે. (૨) શ્રીયુત દેવીચંદ સાગરમલજીએ (જેઓ મારવાડ નવયુવક મંડળના મંત્રી છે તેઓએ) પોરવાડ સંમેલનના ઠરાવોનો ભંગ કરી કન્યા વિક્રય કરવાના મારવાડના ચોક્કસ પંચોએ કરેલા ઠરાવ સામે વિરોધ તરીકે ઉપવાસ શરૂ કર્યા છે. હજુ પણ જો ત્યાંના પંચો કન્યાવિક્રય કરવાના ઠરાવો નહિ ફેરવે તો મરણ પર્યંતના ઉપવાસ ભવિષ્યમાં કરનાર છે. (૩) ડૉ. આઇને મહાવિરજૈનવિદ્યાલયમાં, પનાલાલ જૈન હાઇસ્કુલમાં કલ્પસૂત્રની સ્લાઇડો સંપૂર્ણ વિવેચન સાથે બતાવી હતી (૪) વિદ્યાશાળાનો મોટો મેળાવડો શ્રી અમૃતલાલ કાળીદાસ શેઠના પ્રમુખપણા નીચે શ્રી શાન્તિનાથ દેહરાસરજીના ઉપાશ્રયમાં ઉજવવામાં આવ્યો હતો. (૫) 'જૈનયુગ' પત્ર નવિ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હાલ તુરત બંધરાખવા સ્ટેન્ડીંગ કમીટીએ ઠરાવ કર્યો છે (૬) 'સુકૃત ભંડાર' ફંડ માટે કોન્ફરન્સ તરફથી મુંબઇમાં જુદે જુદે સ્થળે સભાઓ થનાર છે. જૈન કોમના દરેક ભાઇ બ્હેનોએ પોતાનો યથા શકિત ફાળો મોકલી આપી આપણી જૈન મહાસભાના સભ્ય તુરત થઇ જવું જોઇએ (૭) વર્ધા ઉપર કોંગ્રેસ ભરાવાની હોવાથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

---

**પર્યુષણના પવિત્ર તહેવારોમાં ખાદી અથવા સ્વદેશી વાપરવાનું રખે ચૂકતા!**

# નારીજીવનનાં જીવતાં દોઝખ

[illegible] વી. મ્હેતા

( ૫ )

પુરૂષ સમાજે નારી જીવનને પ્રગતિ કરતાં અટકાવવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ શોધી. અને કોઈ પુરૂષની ફળદ્રુપ બુદ્ધિથી **સામાજીક અને આર્થિક પરતંત્રતા** લાદી, સ્ત્રીજાતિને હંમેશના માટે ગુલામ અને પરાધીન માનસની કરી મૂકી. આજે તો એ પરાધિનતાના મૂળ એટલાં ઉંડાં ગયાં છે કે સ્ત્રીજાતિને પણ સ્વતંત્રતાનો વિચાર કરવો અકારો લાગે છે. ગુલામીએ એને ઘરની દિવાલોમાંજ ભરાઇ રહેવાથી હુંફ મળે,' એમ શીખવ્યું, અને આર્થિક પરાધિનતાએ એને પુરૂષના તમામ વિષયો પોષી પેટ ભરીને જીવવાનું યોગ્ય લાગ્યું. સ્વમાન અને આત્મભાન ખોવાયા પછી છેવટે વિચારસ્વાતંત્ર્યનો એ એને ભોગ આપવો પડયો.

જીવનના કલહ વધી પડતાં નિર્બળ મનુષ્યોએ કાં તો સબળના ગુલામ બનવું અગર મરવુંજ રહ્યું. એ અનુસાર પુરૂષ જાત સબળ હોઇ ઓછી નિર્બળ બની ગયેલી સ્ત્રીજાતિને ખરીદજ કરી લીધી. પુરૂષનું સ્ત્રી ઉપરનું આધિપત્ય સ્વિકારાયું, અને સ્ત્રીઓને પણ એ કબુલ્યા સિવાય છુટકોજ નહતો. સામાજીક જીવનમાં પુરૂષને તમામ સ્વતંત્રતા ભોગવવાની છૂટ હોઈ એને તમામ મોજશોખ, સગવડ સાચવવા સ્ત્રીને રસોઇનુંજ કામ સોંપી અનેકવિધ સામાજીક કાર્યોમાંથી ફગાવી દીધી, અને અર્થપ્રાપ્તિ પણ પુરૂષજ કરી શકતો હોઇ, સ્ત્રીના વારસાહકને પણ નાકબુલ કર્યો. સમાજની પડતીનો એ કાળ હતો, અને દિવસે દિવસે સમાજમાં સડો પેસતો જતો હતો. એ વખતના આચારવિચારોના પડઘા **ધર્મગુરૂઓના** મગજમાં પડયા, અને એમણે સ્ત્રીજાતિને હડહડતો અન્યાય કરીને પણ પુરૂષને સમાજ અને ધર્મમાં આધિપત્ય આપ્યું કેટલાંક શાસ્ત્રોએ તો સ્ત્રીઓને 'મોક્ષ કે સ્વર્ગ' પણ ન મળી શકે એમ ચિતરી માર્યું. એકના અનેક ઉતારા થયા અને સ્ત્રીએ સમસ્ત દેશમાંથી તમામ સામાજીક સ્વાતંત્ર્ય ગુમાવ્યું. કોઇ ગુરૂઓએ 'સપ્તપદી' જેવી ગુલામી જંજીરો રચી અને ધર્મના નામે સર્વ વસ્તુ વિના વિચાર સ્વિકાર કરવામાં આવી. આજના કાયદાઓ તમામ વિકૃત થોયાં ઉપરથી રચાયા એટલે કાયદા-કારો સ્ત્રીજાતિના વારસા હકની નાબુદીના કાયદા રચતાં કંપી ઉઠયા છતાં, એમ કરવાને એમને ફરજ પડી.

સામાજીક પરતંત્રતા લાદી પુરૂષે સ્ત્રીજાતિના અંગત હકો પણ લુંટી લીધા. 'લગ્નહક' ઉપર પણ પુરૂષોજ અધિકાર ભોગવે. સ્ત્રીને કોની સાથે લગ્ન કરવું એ એના અધિકારની વસ્તુ તો નથી રાખવામાં આવી પણ પુરૂષજાત એને જે પુરૂષ સાથે લગ્નથી બાંધવા ઇચ્છે છે, તેને ઓળખવા પુરતી પણ તક ન આપે, એટલુંજ નહી પણ લગ્નની સમજણ પ્રાપ્તિ પણ ન થઇ હોય એટલી ન્હાની વયમાં પરણાવી સ્ત્રીને એકાદ બાળકની માતાએ બની જવાની ફરજ પાડી હોય. આજના તડા અને ઘોળો પણ આજ અધિકારની, પુરૂષો વચ્ચેની લડાઇ છે—મારામારી છે. 'સ્ત્રી' નામની એક મિલકત કબ્જે લઈ, એ મિલકત બીજા ન લઈ જાય માટે, અને પોતાનાજ તડના માણસોને એ મતા સહેલાઇથી મળે એ સ્વાર્થવૃત્તિજ આપણા સમાજને યોગ્ય તડોમાં વ્હેંચી નાંખવાના કારણભુત બની છે, અને સ્ત્રી એ મિલકત છે અને પુરૂષ એનો માલિક છે એમ સ્ત્રી અને પુરૂષ વિના સંકોચે માને છે.

આ નવા જમાનામાં આ સ્થીતિ અસહ્ય બની છે, અને સ્ત્રી અને પુરૂષ સ્ત્રીઓના હકો સમજવા લાગ્યા છે. સ્ત્રીના સગપણ અને લગ્ન હક કબુલતાં શીખ્યાં છે, છતાં જુના જમાનાથી નસોમાં જે લોહી વહેતું આવ્યું છે. તે એકાએક દૂર નથી થતું. આજે ઘણાએ પિતાઓ પોતાની જુની વિચાર સરણીને લઈ એકાદ વખત પોતાનો અધિકાર સમજી પોતાની બાળકીના સગપણ સંબંધ યોજે છે; અને વખતના વહેણ સાથે પોતાની ભુલથી બાળકીના ભાવીની ભયંકરતા સમજેપણ છે. સુધારક બનીએ સગપણ તોડીપણ નાંખે છે, અને સમજુ માતાપિતાએ બાળકીના જીવનને બરબાદ નહી કરવા તોડવું આવશ્યક છે; પણ જ્યારે એ સગપણ તોડયાપછી પણ એની પુરૂષવૃત્તિ જોર કરીનેજ બહાર આવે છે ત્યારે એ બાળકીનું જીવન નાવ પોતાના વિચારોની તુલનાથી કરતો થાય છે, અને ફરી પોતાનાજ વિચાર કે ધન સરખા કોઇ પુરૂષ જોડે એ બાળકીનું સગપણ યોજે છે, ત્યારે સુધારક વૃત્તિનો ધ્વંસજ થઇ રહે છે. બાળકીના શ્રેય અર્થે જો સંબંધ તોડવામાં આવે તો પછી બાળકીને પોતાની ઇચ્છાનુંજ સંબંધ બાંધવાની છૂટ આપવી જોઇએ, પણ તેમ નથી થતું કારણ કે 'પુરૂષ' જાત હજુ સુધી એવા પ્રશ્નોમાં પોતાનું સ્ત્રીપર આધિપત્ય છે એમ સમજે છે, પછી પુરૂષ જાતમાં પિતા હોય, પતિ હોય કે પુત્ર હોય. આમ એક ગુલામીમાંથી દૂર કરી બીજી ગુલામીમાં જકડવામાં આવે છે, એક દોઝખમાંથી દૂર કરી બીજી સુંદર દોઝખમાં સ્ત્રીને સુધારાના નામે સડતી કરી મૂકાય છે.

સ્ત્રી જાતિને સ્વતંત્રતા છેજ ક્યાં? આખા જીવનમાં પિતા, પતિ, અને પુત્રની ગુલામી સ્વિકારવી એમ ધર્મ શાસ્ત્રોએ ફરમાવ્યું; છતાં આજના ધર્મગુરૂઓ બ્હેનોને પરિગ્રહ ઓછો કરવાને કે ધન, મોહ છોડવાને રાડો પાડી ઉપદેશ દેવા નિકળી પડયા છે. એક ભુખ્યા માણસને ઉપવાસની મહત્તા ગમે તેટલી સ્વિકાર્ય હોય છતાં ભુખ જડપથી તે ખોરાક પ્રતિ હાથ લંબાવવાની ઇચ્છા રોકી શકતો નથી. એક મરિજ માણસ કોઇક ટાણે મળેલા મિષ્ટ ભોજન તરફ આકર્ષાતી વૃત્તિ દાબવી જેમ રોકી શકતો નથી, તેમ ચારે બાજુથી જે બ્હેનો ડગલે ને પગલે પરાધીનતા ભોગવી રહી છે, જે ગૃહકાર્ય પાછળ શરીર નિચોવી, સેંકડોની કિંમત આપવા છતાં જે આનંદ પુરૂષ જાતને ન મળે તે વિના મૂલ્યે આપી રહી છે, તે જાતિના અથાગ પરિશ્રમનો બદલો જ્યારે પુરૂષ જાત અહંભાવે ન અર્પે ત્યારે ખાનગી ખુબ પરિગ્રહ વધારવાની એની ઇચ્છાને એ નજ રોકી શકે એ સ્વાભાવિક છે. વળી આજે તો પુરૂષ જ્યારે સ્ત્રીને જ્યારેને ત્યારે તરછોડી મુકી શકે છે, ત્યારે સ્ત્રી જાતિ અવિશ્વાસે ચોરી છુપીથી પણ અંગત ધન સંચય કરવાની લાલચ રોકી કેમ શકે? અને ચોરીનાં બચાવ માટે અસત્યનો આશરો તો લેવો પડેજ. આમ સ્ત્રીઓના દુષણો માટે પણ સ્ત્રીઓ નહી પણ પુરૂષોજ જવાબદાર છે.

'પુરૂષ ભરણ પોષણ કરી શકે છે,' કહી બ્હેનોના ગૃહઉદ્યોગથી એમને મળતું ધન પણ પુરૂષોએ આવતું બંધ કરાવ્યું, ત્યારે માનવીનો ધન લોભ ગમે તે પ્રકારે કુરીતો આવ્યું. . . . . . . . . . . . . પા. ૧૬૬

# મ્હારી વિચારયાત્રા.

મ્હારી વિચારયાત્રા શરૂ થયાને અલ્પ સમયજ થયો છે. એને માટે નિર્ણીત યાત્રાસ્થળ નથી. વિચારયાત્રા અથડાતી કૂટાતી જ્યાં જાય ત્યાં જવા દઉં છું. સારૂંયે જગત્ તેના માટે ખુલ્લું પડ્યું છે. વિશાળ જગતના ખૂણેખૂણામાં ફરી વળવું એ તેની આંતરેચ્છા છે. મ્હારૂં હૃદયબળ અને મ્હારા માનવ પ્રયત્નો મ્હારી ઇચ્છાને પાર પાડો ! ! !

x x x

લોક જીવનને હું દૈવીજીવન તરીકે ચીતરવા નથી માંગતો. 'દૈવી જીવન' રજુ કરનારને કળાકાર-ચિત્રકાર-ગણવામાં આવે છે. હું એ સ્વીકારતો નથી. લોક જીવનનાં સત્ય રજુ કરવાં એનું નામજ ખરી કળા છે. જીવનની સાચી સ્થીતિપર ઢાંક પીછોડો કરી તેને શણગારીને તેની સત્યતા નાબૂદ કરીને-આદર્શ માનવ જીવન કે દાનવ જીવન રજુ કરવા માંગતો નથી પરંતુ જે સ્થીતિ આજે પ્રવર્તે છે-જે સત્ય મ્હારી નજરે પડે છે તે આમાં ઉતારવા માંડ્યું છું......પછી તમને તે ગમે કે ન ગમે તેની મ્હને ચિંતા નથી......લોક જીવનમાં ઉંડા ઉતરશો તો આ સત્યો તમારી નજરે પડશે.

x x x

લોક જીવનને કઢંગુ બનાવી મુકવામાં આવ્યું છે. નથી દીસતી તેમાં જીવનની રસિકતા કે કલા. માનવ જીવનની સઘળી શક્તિઓને બાળલગ્નોએ ખોરી નીખવામાં આવી છે. નથી રહ્યો તેમાં આનંદ, ચૈતન્ય કે ઉત્સાહ. પ્રગતિની પ્રેરણા પણ નથી. "ન્યાય, નીતિ અને સત્ય" નો સિદ્ધાંતોને તેમાં સ્થાન નથી. આમ લોક જીવનને-માનવ જીવનને રસવિહીન-લુખ્ખુ સુકું-બનાવી દેવામાં આવ્યું છે. આ સદીઓનાં અણુઉકેલ સત્ય આજના માનવ જગતે ઉકેલ્યાં છે. લોક જીવનની એ ઉણપો દૂર કરવા અને તેમાં નવીનતા ઉતારવા તે પ્રયાસ કરી રહ્યું છે.

x x x

જે માન્યતા, જે પ્રણાલીકા, સમાજના હિત વિરૂધ્ધ હોય તેને અનુસરવામાં મ્હને તો મૂર્ખાઈજ લાગે છે. કદાચ એક વખત તેઓને માટે એ પ્રણાલીકાઓ સારી હશે, પરંતુ આજે સમયના વહેણની સાથે એ બધી કાળ જુની થઇ ગઇ છે. તો શું સમયને અનુરૂપ નહિ એવી એ રૂઢીઓને અનુસર્યેજ જવું ? જોઇએ બધા વડવાઓ પોતે દોરેલી કાર્યસરણીનો-પ્રણાલિકાઓનો-ભાવીમાં ભંગ નજ થઇ શકે-તેમાં ફેરફાર નજ થઇ શકે એવું ફરમાન કાઢી ગયા હોય તો મ્હારે મન તેઓ મૂર્ખાજ છે. એક કાર્યની યોગ્યાયોગ્યતા તો જીવંત મનુષ્યોજ પીછાણી શકે. જે કાર્ય આપણે કરવાનાં છે તે નક્કિ કરવાનો હક્ક આપણને છે; જેઓ આજે જીવતાં પણ નથી એમને નહિ.

x x x

તમે પૂછો છો કે 'સમાજ આમ માનશે અને તેમ માનશે' પણ ચેતનવિહિન સમાજને માન્યતાજ ન હોઇ શકે. તમારા માટે કે તમારા કાર્ય માટે બીજાઓ શું માને છે તેનો વિચાર કરવાનો નથી. પરંતુ તમો પોતે એ માટે શું માનો છો ? એજ વીચારવાનું છે.

x x x

મ્હને એ શ્રીમંતાઇ અને સુધારક દંભી દીસે છે. ભલે લોકો ન માને હું તો ઉગતા નાગરીકો સમક્ષ સત્ય રજુ કરું છું. જીવન વિકાસની જરૂરીઆતો તરફ અંગુલી નિર્દેશ કરવા માગું છું. તેમનાં જીવન, આનંદ, રસીકતા અને નવીનતાની ભાવનાથી ભરાય એ જોવા માગું છું.

x x x

હું એવી એક સમાજ સંસ્થા અને તેની વ્યવસ્થામાં માનું છું કે જેની અંદર સઘળાઓ ભ્રાતૃત્વની છાયા નીચે રહે. વડિલશાહીનો દોર ન હોય. મ્હોટા,-ન્હાનાં, ઉંચ, નીચ કે ગરિબ-તવંગરના ભેદ ન હોય. સમાન હક્ક, સમાન તક અને સમાન ફરજ એ જેનું ધ્યેય હોય અને સભ્યોના અંગત જીવનમાં જોહુકમી ચલાવવામાં આવતી ન હોય, પરંતુ તેમને સત્ય સમજાવીને જીવનમાં ઉતારવાનો જ્યાં પ્રયાસ થતો હોય, જબરજસ્તીથી કોઇ વીચાર ઠસાવવામાં આવે તો માનવ બુદ્ધિ કુંઠીત થાય છે. માનવ હૃદયમાં નૂતન વિચારનો સંચાર બુદ્ધિવાન વિચાર સરણીના સંસર્ગમાં આવવાથી આપમેળેજ થાય છે.

ગરિબાઇ એ કાંઇ ગુન્હો નથી. છતાંય ગરિબ મનુષ્ય આજે સઘળે ધૂત્કારિત થઇ રહ્યો છે. ધર્મના પુતળાં હોવાનો દાવો કરનારા ધાર્મિક પુરૂષોથી માંડીને એકાદ ઉમરાવ સુધીનો પ્રત્યેક માણસ તેને તરછોડી કાઢે છે. ગરિબાઇ એ સાંપ્રત સમાજ વ્યવસ્થાનું કારમું પરિણામ છે. ગરિબાઇમાંથી જન્મતા ગુન્હા માટે વાસ્તવીક રીતે તો સમાજ ગુન્હેગાર છે, અને સમાજે તેને માટે સહવું રહ્યું.

x x x

આજે ખુંચવી લેવામાં આવેલું નારીનું નારીત્વ પાછું મેળવાય છે. આજની સ્ત્રી શક્તિ આગળ વધી રહી છે. પુરૂષથી માંઝી જાય તેમ નથી. ભણી છે, ગણી છે, આપમેળે વિચાર કરતાં શીખી છે, ત્હેને મ્હાત કરવી એ શાસ્ત્રો અને શાસ્ત્રકારોની શક્તિ બહારની વાત છે. હવે તે વધુવાર પુરૂષોનું આધિપત્ય સ્વીકારવા કોઇ રીતે તૈયાર નથી. જીવંત રહો એ અમર સ્ત્રી શક્તિ!

દરેકે પોતાને માટે, પોતાના વિચારો માટે, પોતાના કાર્યો માટે થોડુંક નહિ પણ પુરેપુરૂં જાણવુંજ જોઇએ, પરંતુ ઘણા યુવાનો પાસે એ સવાલ અણ ઉકેલ્યોજ રહે છે. અને તેથી તેઓ પોતાના જીવન માટે કંઇ પણ નક્કિ કરી શકતા નથી. અચોક્કસ વિચારો અને નિર્બળતા એ માનવજાત માટે અને ખાસ કરીને 'યુવાન માનસ' માટે ભયંકર વ્યાધિ છે.

x x x

હું કોણ ? એ આખાય સવાલ જગતની સામાજીક પ્રગતિ ઉપર અવલંબેલો છે. એ પ્રગતિ અટકતાંજ 'હું કોણ'ની પ્રગતિ પણ અટકી જશે. જગતની પ્રગતિ સાથે મનુષ્યના માનસની પ્રગતિ પણ થાયજ એ પ્રકૃતિ નિયમ છે. જો કે કોઇકમાં થોડા તો કોઇકમાં વધુ અંશે આ ફેરફાર અનિવાર્ય પરંતુ પ્રશંસનીય છે. આજે હું છું તેના કરતાં કાલે જુદોજ અ...

પા. ૧૬૭

# યુવકની અભિલાષ.

લેખક: લાલચંદ જયચંદ વ્હોરા

'જૈન' તરીકે જુદા જુદા ગચ્છ કે ફીરકાના સંમેલન થાય છે ત્યારે એમ થાય છે કે માત્ર જૈનને નહિ, સમજુ જૈનેતર સુદ્ધાને આ બાબત વિષે અભાવો થાય છે, કારણ ભારત તો શું, પણ જગત આખું એક સંયુક્ત સમાજ તરીકે જૈનને પીછાને છે, અને આપણે આ રીતે એકત્ર થઇ, અને ઘણી વેળા તો આપણી અંદર અંદરનાને કચરવા, નિંદવા કે સત્તા હસ્તગત કરવાના પ્રયાસો કરવામાં આપણી અપૂર્વ શકિતને વેડફી રહ્યા હોઇએ છીએ.

જ્યારે આપણે અખંડ અને એક જૈન રાષ્ટ્ર બની, ભારતના સ્વરાજ માટે પ્રયત્ન કરવાનો છે, ત્યારે આપણે અમારા અને તમારાની કુંસાઠમારીમાં 'Devide & Rule' લડાવી મારીને રાજ્ય શાસન સ્થાપવાની કુટનિતિને પોષણ આપીએ છીએ.

ભુતકાળમાં આપણે અરસપરસ લડયા એ વાત ભુલી જઇએ તો સારૂં છે. ભુતકાળમાં આપણા આચાર્યોએ પોતાના વ્યક્તિત્વના વિકાસને અર્થે ભલે મતો અને ગચ્છો બાંધ્યા. આજ એ બધા અનર્થકારી નિવડયા છે. સ્થાનકવાસી, દહેરાવાસી કે દિગંબરી એ બધા આજે એક છે, બાહ્ય ક્રિયાકાંડોમાં, હોય તેટલા બધા ફેરફારોને આપણે ગૌણ માની તેના સામે ઉદાસિન વૃત્તિ રાખીએ અને મુળગત વસ્તુને સ્પર્શીએ તોજ એક જૈન સમાજ તરીકે આપણે જીવી શકીશું અને વ્યક્તિગત તેમજ સામુદાયિક વિકાસ સાધી શકીશું.

આજે યુવક પરિષદ કે કોન્ફરન્સ પાસે વિશાળ પ્રશ્નો ઉભા છે, તેમાં અંદરની અથડામણને ક્યાંયે કારણ નથી. અથડામણથી કંઇને ચાલવાપણું યે નથી, પણ જ્યારે વિશાળ અથડામણ વચ્ચે એક સમાજ તરીકે જીવવાનો અને ટકવાનો પ્રશ્ન છે, ત્યારે ગચ્છ અને ફીરકાના અંદરના જંતુઓ એટલા બધા નાના છે કે તે આપોઆપ અદ્રશ્ય થઇ જવાના.

શાસ્ત્રો ચુંથવાનો કે આચાર્યો પાસે જઇ આશિર્વાદ મેળવવાનો ક્યાં સમય છે? આપણા બધામાં જ્યાં સરખો આત્મદેવતા છે તો પછી સ્વયં પુરૂષાર્થથીજ માર્ગ કાં ન કાપવો? અને જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્રમાં અન્યાયો અને અધર્મો વધે છે ત્યારે વ્યક્તિ અને સમાજના વિકાસની રૂકાવટ થાય છે અને એ અન્યાયો અને અધર્મોનો અતિરેક થાય છે ત્યારે સમાજ અને વ્યક્તિ કોઇ બીજા માર્ગદ્વારા માનવસમાજના વિકાસ અર્થે નવું સર્જન કરે છે.

આજે આ રૂંધન અને બંધન આપણને અકળાવી રહે છે અને એટલેજ બળવો કરીને પણ કંઇ નવું સર્જન કરવાને પ્રેરે છે. જડવાદી ચોકઠામાં નવો યુવાન રહી શકે તેમ નથી, ટકી શકે તેમ નથી. યુવાનની અભિલાષ તો એ એ છે કે સંસારમાર્ગ વિકટ નહિ, પણ સરળ થાય, સામર્થ્યવાન થાય.

આપણી કોન્ફરન્સ એક પીઢ સંસ્થા છે, તેણે ઘણા લાંબા સમયથી સમાજને માટે શુદ્ધ ભાવના ભાવી છે. આજે એને દેવદ્રવ્યના, બાળદિક્ષાના અને તિર્થરક્ષાના પ્રશ્નો ચર્ચવા હોય તે ચર્ચે, તેમને એ અધિકાર છે પણ સાથોસાથ યુવક પરિષદનો માર્ગ મોકળો કરી આપવો ઘટે છે; યુવકોના અને યુવતિઓના પુરૂષાર્થની રૂકાવટ માટે જરા પણ પ્રયત્ન કરવાનો તેને આજ અધિકાર નથી. કોન્ફરન્સ એટલે પીઢ જૈન સુત્રધારો, યુવક દળના શુભ પ્રયાસોને આશિર્વાદ આપે, બની શકે તેટલું કાર્ય આપે, અને તેમ છતાં તેમના પર માલેકીપણાની કોઇ સત્તા સ્થાપવાનો લેશ પ્રયત્ન ન કરે તેમાંજ જૈન સમાજની શોભા છે.

યુવકો વીર જવાહરલાલ જેવાને અભિનંદન આપશે, કે ગાંધીજી જેવાને વંદના કરશે, યુવકો બાળવિધવા કે બાળ દિક્ષિતોની વ્હારે ધાય કે શાસ્ત્ર અને સાધુવર્ગની ટીકા આદરે, પ્રણાલીકા ભંગ કરે કે દેવદ્રવ્યને પાઇ પૈસો ના ધરે, ગમે તે કરે તો પણ તમો તેઓના પ્રતિ અમીદૃષ્ટિ વરસાવજો અને માનજો કે 'છોરૂં કછોરૂં થાય પણ માવતર કમાવતર ન થાય,' તમારાથી રાતી આંખ આ અવસરે ન થવી જોઇએ.

યુવાનો આજે ભુલો કરી અનુભવ શોધવા મથે છે, આજે એને પ્રાચિન ગમે તેટલી વાતો કરો, પણ તે એવો જમાનો અને એમ પરાણે લાદેલી શ્રદ્ધાથી કે ગુણગાનથી કોઇપણ માણસને જે બળ, શક્તિ કે પ્રાણ મળે તે કરતાં, પોતાનાજ પ્રયત્નો અને પુરૂષાર્થથી ગમે તેવા બુદ્ધિગમ્ય અને સ્વાર્પણના પ્રયત્નો કે પ્રયોગો થાય તે અનેક દ્રષ્ટિએ ઉચ્ચ કક્ષાના છે.

એટલે ગચ્છ અને ફીરકાની ભલે જરૂર હોય, પણ અત્યારે જે સ્વરૂપે છે તે હરગીજ ન હોવા જોઇએ. અત્યારનું આ વિકૃત સ્વરૂપ તો વહેલામાં વહેલી તકે નાબુદ કરવું જોઇએ અને યુવાનો, અશાંત ઉત્સાહ અને ખંતથી ભરેલા મહત્વાકાંક્ષી યુવાનો સિવાય કોણ કરી શકે?

જગતમાં ગચ્છો કે ફીરકાઓ શા માટે હોય? વિકાસ અર્થે હોય, દુનિયામાં અનંતકાળ સુધી એવા બાહ્ય ભેદો રહેવાના પણ છે. બધા મૂર્તિપૂજક નથી થવાના. તેમ સર્વ સ્થાનકવાસી નથી થવાના. જગત ઉપર શ્વેતાંબરી અને દિગંબરી સર્વને સ્થાન છે. જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અથવા હિંદુ મુસ્લીમ આદિ સર્વ જાતિઓ, અને તેની સંસ્કૃતિને સ્થાન છે અને હોવુંજ જોઇએ પણ તે બધી જાતિઓ કે બધા ફીરકાઓ એકબીજાને પોષક થાય તોજ માનવસમાજની પ્રગતિ થઇ શકે.

વળી ગણુ કે અનેક ફીરકાઓનું સંગઠન કરી આપણે કોઇને કચરી નાખવા નથી ઇચ્છતાં. તો તો જગતમાંથી વ્હેલું જૈનત્વ નાબુદ થાય. આપણે સ્થુળ સ્વરૂપે શુન્ય થશું ત્યારે જૈનત્વનો જગતમાં ચમત્કાર દેખાશે.

પણ સહોરવું, પાપીનું બલિદાન ઇશ્વર નથી સ્વિકારતો એ માટે સતત તૈયારી જોઇએ, સહકાર વૃત્તિ અને પુરૂષાર્થ જોઇએ. દરેક માનવીના મુખમાંથી એ વાણી ઉચ્ચરે છે કે હદ થઇ છે. ઇશ્વર જેવો કોઇ ધણી હોય તો તેણે આલોક પર ઉતરી પડવું જોઇએ અને જગતને આ અશાંતિના મોજામાંથી ઉગારવું જોઇએ.

અજર અમર આત્મામાં એટલે આપણામાંજ એવી અપૂર્વ શક્તિ ભરી છે, અને અત્યારની સમાજના ઉત્થાન માટે કરેલા કે સેવેલા પુરૂષાર્થ ફળી એ આત્મા નાચી ઉઠશે.

# ભદ્રંભદ્રોના દંભી જલસા!

ભદ્રં ભદ્રની જમાતના વર્ષિ ઉત્સવો ઉજવવાના ખબરો અખબારોમાં અને એના શુક્રવારીઆમાં બહાર પડ્યા છે. એમાં કેવળ કોન્ફરન્સ અને યુવાનોની સંસ્થાઓને ગાળો અપશબ્દોથી નવાજવા સિવાય અન્ય કશું નથી. એમની પાસે સમાજ વધુ આશા પણ શું રાખી શકે? એમની જમાતેવી જમાતના તાણેખા દીન પ્રતિદીન ઢીલા પડતા જાય છે. શરૂઆતમાં ના૦ વડોદરા નરેશે ઢીલા પાડ્યા, એમની ફુટા ઢોલના અવાજને સરખી ઘુમરાણો લાંબા વખત નજ નભી શકી અને આખરે દીક્ષા નીબંધન થયું. આવા મન ફાવતા ગોળા ગબડાવવા સંમેલનની જાળ બીછાવી છતાં જનતા એમાં ન અંજાઈ, મનની મુરાદ બર ન આવી; 'સંમેલન સફળ થયું'ના જયધ્વનિ પોકરાવ્યા; ન છુટકે જેમ તેમ બીજું સંકેલવું પડ્યું. મનની મનમાં રહી ગઈ; તે આજે પણ રહી રહી ડંખે છે કે 'મુનિ સંમેલનની અફળતાથી આપણે જૈન સમાજમાંથી કુસંપનું વાતાવરણ શાન્ત પાડવાની જે આશા રાખી હતી તે સફળ થઈ નથી." આમ ન છુટકે એના મંત્રી વાર્ષિક નીવેદનમાં એકરાર કરે છે. અત્યાર લગીની પ્રવૃત્તિઓથી જનતા એમની ધર્માન્ધતાને સમજી ગઈ હતી. એકે બાજુ આરો ન હતો, ત્યારે હતાશ થયા ને કોન્ફરન્સમાં આવવા અનેક પ્રયત્નો કર્યા, "ભોંયે પડ્યા પણ તંગડી ઉંચી" એ કહેવત અનુસાર શેરસોમાં શાબ્દિક યુધ્ધ ખડાંકરી જાળ બીછાવી. એ જાળમાં કોઈ ન ફસાયું! ને! પાછું પોત પ્રકાશી "જીવતા જૈની શરણાઈઓનાં સ્ટેટમેન્ટો નગારાના જોરે બહાર પાડ્યાં કોન્ફરન્સ અને યુવક પરિષદની વગોવણ, નિંદાપ; તેનાથી અધીક હલકાશ કરવી બાકી ન રાખ્યું. આખરે એમાંય એમની પીછેહઠ થઈ "હવે અજિત ટકાવવુંજ જોઈએ નહિ તો હતા ન હતા થઈશું" ના ભયે એના કબુતરખાનામાં ફફડાટ થયો ને! ઘરમાં માત્ર નિમિત્તે મળી, અનેક વિચારો કરી સ્વાગતના નામે જનતાને ભેગી કરવાનું, નવું તુત ઉભું કર્યું. ઠેરઠેર જમણ અને લ્હાણીની ઓથે એમના જેવાં માનવ ટોળાં ભેગા કર્યા. હવે ઉત્સવો માટે નિબંધો તૈયાર કરાવી જલસાઓ ઉજવવાની અજમાયશ શરૂ કરીછે. સામાન્ય જનતાને જ્ઞાતિ વાડાની ફીલસાલ દ્વારા ગોખવાની વાતો ઉપાડવા કમર કસવાના છે. બીજી તરફ એના શુક્રવારીયાએ કંડક કરવું જોઈએ એટલે હવે, એની નીતિ અનુસાર 'તરુણ' સામે બખાળા શરૂ કરવા માંડ્યા છે. 'યુવક સંઘમાં ભાગલા'ના હેડીંગ નીચે જનતાને ભડકાવવા શ્રી સુતરીયા અને શ્રી પારીના રાજીનામાના ઉંધા અર્થો ઉપજાવી પ્રજાને છેતરવાના પ્રયત્નો એણે શરૂ કર્યા છે. અરે! એટલુંજ નહિ પણ 'બીજા પણ કેટલાંક રાજીનામાં અપાવાનાં છે." એવા એવા કોગળચંદીયા તડાકીદાસોની માફક બેજવાબદાર ખબરો છાપવા માંડ્યા છે. જૈન સમાજ યા યુવાનો એ પારખે તેવા મૂર્ખ નથી. ગમે તેટલા ઉત્પાતીયા જમણો કે ભભકાડંબરો કરે, પણ હવે સમાજ આચાર્યોની જમાતને બરાબર પીછાની ગઇ છે. ધર્મના ઓઠા નીચે રૂઢીના ગુલામો સમાજને જકડી શકે તેમ નથી, મનફાવતા અર્થો ઉપજાવી કાઢવાની એઓની રીતથી કોઇ આજ-ભુખ્ય અજાણ્યું રહ્યું નથી જુના જમાનાની વાતો કરતા આ આ જમાનાના દરેક જાતના લાભો ને સગવડોમાં રાચતા એ સફેદ ભગવાઓને ઓળખી કાઢવા હવે મુશ્કેલ રહ્યું નથી. એટલે ગમે તેટલી હીકમતો અજમાવાય, છેતરપીંડીઓ કરાવાય, પારકા છોકરાને ભગાડી ગુરૂના નામની જે ઓઘા-વાય, સાચ્ચા ત્યાગીઓના બદલે આગમુઓની જમાત વધારી સમાજપર બોજો નાંખવાની તરકીબો રચાય છતાં સૌ દીવા જેવું સમજે છે, જુએ છે, એટલે એમના નાટકી જલસા કે તમાસામાં કોઈ સમજુ ફસાવાનું નથી.

જૈન ધર્મના અને કલ્પ સુત્રના પ્રચાર અર્થે ડૉ. બાઉન મેટ્રોકલેન્ડર્નની સ્લાઇડથી કલ્પ સુત્રનાં પાનાં બતાવે છે. સાથે દરેક સ્લાઇડપર વિવેચનો કરે તેમાં રૂઢીચુસ્તોને ધર્મ રસાતાળ જતો દેખાય એટલે વાંધો લે, ધાંધલ કરે, ત્યારે બીજી બાજુ રામ વિજયના શિષ્યો મંગળવિજય મેરુવિજય, માન વિજય, જશુ વિજય, ૧૯૮૫ ના ચોમાસામાં, તાજમહાલ હોટલ જોવા જાય. વડોદરા મુકામે દીક્ષા કાનુન સામે મુક મોરચા બાંધવા ગયેલ મહામહોપાધ્યાયના પુંછડાવાળા પ્રેમવિજયજી પંદરથી વીસ સાધુઓ સાથે ગાયકવાડી રાજસંગ્રહસ્થાન જોવાજાય, વડોદરા શહેર સુધારાઇની ફરતી ફીલમ પ્રેમ વિજય અને રામવિજય જુએ. આ પ્રમાણે રૂઢીચુસ્તોના ગુરૂઓ લીલાઓ કરે તો ધર્મ રસાતાળ જાય કે ઉપર પ્રમાણે પ્રચાર કરવાથી જાય? બાકી ખરી વસ્તુ તો ડૉ. બાઉન શ્રી ધર્મવિજય આચાર્યના શિષ્ય એટલે આ બાઇબિંધિએ આવી રીતભાત આદરી હોય એમ લાગે છે.

---

**નારીજીવનનાં જીવતાં દોઝખ.** . . . અનુ. પા. ૧૬૩થી.

નીકળેજ. પુરૂષે સ્ત્રીની કેળવણી બંધ કરી. એ ડરથી કે સામું માથું ન ઉંચકે, એટલે માનસિક ખોરાકની સ્ત્રીઓને જે જરૂર હોય તે પુરી પાડવા એમણે ઉપયોગ કરવા માંડ્યો 'પરની નિંદાઓમાં અને કુથલીઓમાં; પિતા કે પતિના દ્રવ્યમાં હક નહીં માટે, તેમને કોઈ કાળે ખુબ ક્ષમ આવે તે માટે ગમે તે રીતે ધન એકઠું કરવાના વિચારોમાં. સ્ત્રીઓ સ્ત્રીઓની લડાઇ અને ટંટાની મોટી વાતો કરનારાઓ સમજે કે એના ઉંડાણમાં પુરૂષના જુના ચાલી આવેલા સત્તા શોખેજ એ નર્કને તૈયાર કર્યાં છે અને ટકાવી રાખ્યાં છે.

---

**સ્ટોપ પ્રેસ**—(૧) મનુભાઈ-વિનોદીની લગ્ન પ્રકરણના પડઘા હજુ તો શમ્યા નથી ત્યાં તો વઢવાણના રહીશ વીશા શ્રીમાળી ભુગચંદ ઉર્ફે મનુભાઇ અગાઉના પતિ સવિતાબ્હેનની હૈયાતી છતાં પાટિદાર કોમની વિધવા ગં. સ્વ. આનંદીબાઇ ઉર્ફે અ. સૌ. ઉર્મીલા સાથે લગ્ન કર્યાના સમાચારે ખુબ ચકચાર ફેલાવી છે. લગ્ન કરનાર યુગલને અગાઉના પતિ અને પત્નિથી એક એક સંતાન હૈયાત છે. શરમજનક બિના તો એ છે કે આવા લગ્નોના બનાવો મુખ્યત્વે હમણાં હમણાં જૈન કોમમાંજ બન્યે જાય છે. (૨) શ્રી. હીરાભાઈ મલબારીએ ભોજનશાળાની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકેનું રાજીનામું મોકલતા જણાવ્યું છે કે "ભોજનશાળાની અત્યાર સુધીની જે પ્રકારે કાર્યવાહી ચાલે છે તે જોતાં બંધારણમાં માનનાર કોઇપણ વ્યક્તિ સાથ નજ આપી શકે.

# બજારુ સોદો!

આપણા સમાજની સડેલી મનોદશા એવી બદલો ફેલાવી રહી છે કે જૈન સમાજની નૌકા કયે સ્થળે ગરક થઇ જશે તે કહી શકાતું નથી. હાલક ડોલક નાવડું આજે ઉગ્ર ક્રાન્તિ માગી રહ્યું છે, જૈન નવજુવાનોને એ નાવડું પડકાર કરે છે કે બદબો દૂર કરો! પવિત્ર થાઓ! જાગવાને આરંભ કરો! અને નકામો કચરો દૂર કરી જીવનનાં રમ્ય આદર્શો જે પૂર્વે હતાં તે સ્થાપન કરો.

આજના થતા પવિત્ર લગ્નો એ લગ્નો નથી પણ લગ્નનાં લીલોડાં રહ્યા છે. લગ્નની પવિત્ર ભાવનાને મસળી નાંખી આજે સમાજ લગ્નની વેદીપર તાંડવ નૃત્ય ખેલી રહ્યો છે. સમાજની કન્યાઓના કપાળમાં ક્રૂર વૈધવ્યનો કાળો આલેખ કન્યાદાનમાં અર્પણ કરી કમનસીબ કર્મનો દોષ કાઢનારા કુટુંબો પણ આજે જ્યાં ત્યાં છે. સમાજની દૃષ્ટિ આજે શ્રીમંતાઇના ઠાઠ તરફ વળશે. ભરચક તીજોરીઓ અવલોકશે. મોટી મોટી મ્હેલાતોના પથરાઓ જોશે. કન્યાઓના માતપીતાની આંખો એ નહીં જુએ કે મ્હારી કન્યા જેને પોતાના સાથીદાર ગણી પોતાનું સમસ્ત જીવન ઝુકાવે છે તે કોણ છે? સદાચારી છે? નવજુવાન છે? તંદુરસ્ત છે? ભાવનાપ્રિય છે? કર્તવ્યશીલ છે? ચારિત્રવાન છે? ના—એ ભલે એદી રહ્યો, ભલે રોગી રહ્યો, ભલે વૃધ્ધ રહ્યો, ભલે નિષ્ક્રિય રહ્યો, ભલે નિષ્ઠુર રહ્યો, ભલે નિર્માલ્ય રહ્યો પણ શ્રીમંત તો છેજને? ફરવા હરવા માટે ગાડીઘોડા તો છેને? બસ કન્યા ત્યારે તો સુખીજ થવાની.

પત્થરપર ધોબી જે પ્રમાણે મેલાં વસ્ત્રો પટકે છે તે પ્રમાણેજ આજના માબાપો પોતાના સંતાનોને નાણાંની તીજોરીપર પટકે છે અને સંતાનની જીંદગી સદાને માટે ધોઇ નાખે છે, પછી ભલે! વૈધવ્ય આવે ત્યારે 'કહીશું' દૈવ કર્મનો! શા માટે એવા કર્મ લઇને જન્મી? આપણે શું કરીએ? અને જ્યારે તે કન્યા કોઇને લઇને નાસી જાય અથવા અનાચાર સેવે ત્યારે પણ આપણે તો એમજ કહેવાના કે વાંક એના નસીબનો. એના કપાળમાં એવુંજ લખ્યું હશે એમાં બિચારા એના માબાપ શું કરે? માટે હે સમાજ આજની કલ્પના તને હૃદય હોય તો આજના સમાજ માટે એકાંતમાં કંઇક વિચાર કરી આવો ધગશપૂર્વકનો નિરધાર નક્કી કરી લે.

## આટલું વિચારશો ?

પર્યુષણપર્વ એ આત્મશુદ્ધિની આરાધનાના દિવસો છે. તેમાં આટલું તો જરૂર વિચારો

૧. અહિંસા આપણો મુદ્રાલેખ, એટલે જે કપડાની બનાવટમાં ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. તે કપડાં પહેરનાર જૈન નથી, પછી ભલે તે સાધુ હોય કે શ્રાવક.

૨. સુપન ઉતારવાં, બોલી બોલવી, પારણાં ઝુલાવવાં એ આપણા પર્વની ઠેકડી કરવા જેવું છે.

૩ ભલે, બિચારા દુધપાકીયા દુધપાક ઉડાડે. તેણે તો તેમાં અને તેના કહેવાતા ગુરૂઓની ખોળખાલામાંજ ધર્મ માન્યો છે. એટલે એ પાગલ બનશે, પણ તમારે વિચારવાની જરૂર છે કે બિહાર અને અન્યત્ર ધરતીકંપ, રેલ વિ. અનેક સંકટોના ભોગ બની દેશમાં લાખો અને કરોડો માણસો અન્ન અને વસ્ત્ર વિના ટળવળતાં હોય, સમાજ આર્થિક સ્થીતિમાં બરબાદ બની રહ્યો હોય, ત્યારે આ મહા મુલા પવિત્ર દિવસોમાં જમણવાર, વરઘોડા, પ્રભાવના, ઉછામણી વી. પાછળ ધમાલો કરી લાખો વેડફી નાંખવાનું પાપ કરો તે પહેલાં દેશ અને સમાજ તરફ નજર કરજો.

૪. નામના, કીર્તિ, અને વહીની ખોલબાલા પાછળ ધર્મના બહાના નીચે જે નાણાંનો ધુમાડો કરો તે પહેલાં ખ્યાલ રાખજો કે જે આ લોહીનાં ટીપે ટીપે પાપ પૈસો એકઠો કરે છે તેમને ધર્મના નશા ચડાવી પાપમાલીના આરે ઘસડી જવાનું પાપ કરો છો.

૫. વેઠનો વારો કહાડવા, કમઅક્કલના પોશાકો ને શણગારો સજીને દેખાવો કરવા. કે લોકાનંદના બાહુથી ગભરાઇને ઉપાશ્રયે કે મંદિરે જનારા કરતાં ઘેર બેસીને આત્માનું કલ્યાણ સાધનારા હજાર દરજ્જે સારા છે.

૬. પ્રતિક્રમણમાં સુત્રોનાં લીલામ, આ આરાધનાના દિવસોમાં પણ ડગલે ને પગલે જરની વાતમાં ચૈત્યવાસીઓની સ્વાર્થાંધ હજુ નથી સમજાતી? ક્યારે સમજાશે?

૭. પર્વાધિરાજમાં દાન શ્રેષ્ઠ છે, પણ જેમાં દેશનું ને કોમનું કલ્યાણ હોય ત્યાંજ સદઉપયોગ થઇ શકે. લાલચુઓને ભીખારીઓ ઉત્પન્ન કરવામાં નહિ.

૮ જે ક્રિયા આત્મ સાધના અર્થે કરો તે વિચારી સમજ પૂર્વક કરો, વેઠના ટોળાંની માફક ન કરશો.

મહા. વિ. પા. ૧૬૪થી ચાલુ

હોઇશ. અજ્ઞાન મનુષ્ય આ ફેરફારને અવનતિ કહે છે, પણ હું તો તેને પ્રગતિ માનું છું. જગતના કોઇ પણ વિચારોની પાછળ કોઇને ખરાબ તો કોઇને સારી ભાવનાનાં દર્શન થાય છે. મ્હને તો બધાયની પાછળ પ્રગતિનાંજ દર્શન થાય છે.

x x x

કોઇક ગુન્હો કરે તો તમારે એ જોવું જોઇએ કે કોણે તેને એ ગુન્હો કરવા દબાણ કર્યું. જો કે થોડે ઘણે અંશે ગુન્હો કરનાર પણ જવાબદાર હોય છે, પરંતુ મોટે ભાગે સમાજ વ્યવસ્થાજ તેને માટે જવાબદાર હોય છે તેની સામાજીક સ્થીતિ તેને એ ગુન્હો કરવા પ્રેરે છે. સમાજ અને તેની વ્યવસ્થા જ્યારે તેના માર્ગમાં કાંટારૂપ બને ત્યારે તેમને દૂર કરવા એ પ્રયાસ કરે છે.

એના ભાવનાપ્રદેશમાં ખોટી લાગણીઓને સ્થાન ન્હોતું. એ ભાવનાઓના ભોગે લાગણીઓના પૂરમાં ઘસડાઇ ન ગયો. એની ભાવના સમાજના ઉત્કર્ષની ભાવના હતી. પ્રસંગ આવ્યે પોતાના હિતનો એ જરૂર ભોગ આપત પરંતુ સમાજ હિતનો ભોગ આપવા એ તૈયાર ન્હોતોજ. 'વ્યક્તિને ખાતર સમાજનો ભોગ નજ અપાવો જોઇએ.'

# નગરશેઠને માનપત્ર અપાશે? મહામંડળની પ્રેરણા ઝીલાશે?

[ મિત્રો ઉપરના અંગત પત્રોમાંથી. ]

પાલણપુર

બિરાદર,

તા. ૨૦-૮-૩૪

થોડા મહીનાઓથી અમારા મહાજનના આગેવાનો કંઇક કરી નાંખવાને તરી ઉપર થઇ રહેલા, આખરે તેનું પરિણામ બહાર પડી ચુક્યું છે.

આબરૂ અને મોટાઇની મ્હોકાણે માબાપો થોડીમા-બચપણમાંજ સગપણો કરી નાંખે છે. એનાં માઠાં પરિણામ યુવાન યુવતીનેજ સહન કરવાં પડે છે. આથી જેઓ લગ્ન-ગ્રંથીથી નથી જોડાયા તેવા યુવાનો પોતાના ગૃહસંસારને સુખી જોવા લગ્ન કરવાની આડ ના પાડે છે—સગપણ તોડી નાંખે છે, એમાં અમારા મહાજનના મુત્સદીઓ ભયંકર ગુન્હો જુએ છે.

બચપણમાં વિધવા બનેલ બ્હેન પોતાનાજ ગામમાં પોતાનીજ જાતમાં, સંસ્કારી યુવાન સાથે લગ્ન કરે તો અમારા મહાજનની ગરમીનો પારો ટોચે ચડી જાય છે. સમાજનું રસાતળ જતું દેખાય છે. જ્યારે કોઈ વિધવા ખાનગીમાં ગર્ભપાત કરે, કોઈ પુરૂષ જાહેર રીતે વેશ્યાવાડે ભટકે કે ગમે તેવું હીણું જીવન ગુજારતા હોય છતાં બડે ઠાઠથી મૂછપર તાર દેતો મહાજનમાં મહાલી શકે છે.

ભાવી માટે નક્કી કરેલો જમાઇ સહેજથી જુગાર થઈ બેસે અથવા નાદુરસ્ત તબીયતના અંગે કન્યાનો બાપ સગપણનો ભંગ કરી પોતાની દીકરી બીજે વરાવે તેમાં બહુ ગુન્હો?

ચાંદી કે મોતીપેશાબનો રોગીષ્ટ, પચ્ચાસની ઉંમરે પહોંચ્યો હોય, છતાં પૈસાની છોળે એક ગભરૂ કન્યાનો ભવ બગાડી તેને જીવતી દફનાવવાનું કૃત્ય કરવા જેવું કરે છતાં તેમાં ગુન્હો નહિ.

એક પત્નિ હૈયાત હોય! બાળબચ્ચાં હોય! છતાં કોઈ માલેતુજાર શેઠીયાનો પુત્ર પ્રેમમાં પાગલ બની બીજી પરણે છતાં સૌ ચુપચાપ. થોડાક દિવસોથી અમારૂં મહાજન રાતોના ઉજાગરા કરી વાણી ને અત્યાની સાઠમારીના દેખાવ કરી કોઈ સગપણ તોડનારને મહાજન બહાર, કોઇને કંઇ ને કોઇને કંઇની સજાઓનો કોરડો વીંઝે છે. ત્યારે એક ઉપર બીજી કરનારની વાત આવે છે, ત્યારે આડાં અવળાં બ્હાનાં કહાડી વાત અધ્ધર ઉડાડે છે, કારણ કે તેઓ મોટો વગવસીલો ધરાવનાર અને એમ કહેવાય છે કે તેઓ શેઠો. નગરશેઠો અને નાતપટેલોના સગાંવ્હાલાં છે એટલે આગે ધકેલાય છે.

આ બધાં પરિણામો ઉપરથી સોળમી સદીમાં જીવતા અમારા શેઠો અને પટેલો એમ સમજે છે કે તેઓ એમની તુટતી દીવાલને ગાબડાં પૂરી મજબૂત કરે છે. પણ મને તો લાગે છે કે તેઓ આપણા કામને આડકતરી રીતે ટેકો આપી રહ્યા છે. તેથી મ્હેં અત્રે મ્હારા યુવાન મિત્રોમાં એવી ગોઠવણ કરવાનો વિચાર કર્યો છે કે અમારા શેઠ અને તેમના પૂંછડારૂપ પટેલોને મેળાવડા સન્મુખ એક માનપત્ર એનાયત કરવું અને માનપત્રમાં લખવું:

"મહાજનના અગ્રણીઓ! જેમ બને તેમ મહાજન બહારનો કોરડો જોરથી વીંઝ્યે રાખો, એટલે વગર મ્હેનતે, વગર માથાકુટે,-તમારાજ હાથે તમારાં સડેલાં તંત્રોમાંથી અમેં છુટા થઇ, સંગઠ્ઠન કરી નવસર્જન કરી શકીયે. આથી ફરીથી જણાવીયે છીએ કે તમારો કોરડો જોરથી વીંઝો એટલે અમારામાં રહેલ નબળાઇ નાબુદ થાય."

આ પ્રમાણે માનપત્રનો વિચાર ચાલે છે ચોક્કસ થયે તમને જણાવીશ.

લી. x x x x x x

પાટણ

ભાઇ શ્રી,

તા. ૧૮-૮-૩૪.

ઘણા વખતે કાગળ લખવા કલમ હાથમાં પકડું છું. માટે માફ કરશો.

દેશ કે સમાજ જ્યારે સડાઓથી બેહાલ બને છે ત્યારે તેને ઉગારી લેવા યુવાન લોહીજ થનથનાટ કરે છે. અને થાય તે કરી છુટવાના પ્રયત્નો આદરે છે. આપણી સમાજની વિષમ સ્થીતિ અંગે યુવાનોની લાગણીઓ ખુલી, ને પાંચ સાત વર્ષોથી મુંબઇ તેમજ બીજા સ્થળે યુવક સંસ્થાઓ સ્થાપી. લોકમત તૈયાર કરવા બબ્બેવાર યુવક પરિષદો ભરી. છેવટે દરેક સુધારક સંસ્થાને એક સાંકળે જોડવા મહામંડળ સ્થપાયું, સમાજમાં જાગૃતિ આવીને તેના પરિણામે સાધુ સંમેલનને એકત્ર થવાની ફરજ પડી, અને દીક્ષાના પ્રશ્ન અંગે કાગળ ઉપર કાંઇક પરિણામ આવ્યું.

ચાલુ સાલમાં મુંબઇના આંગણે ભરાયલી યુવક પરિષદે કરેલા નિર્ણયો પર સમાજમાં આંદોલન કરી સડા સાફ કરવાનું કામ પરિષદે મહામંડળને સોંપ્યું. મહામંડળે તાજેતરમાં અમદાવાદ મુકામે એની જનરલ સભા બોલાવી પરિષદે સોંપેલ જોખમદારી ઉંચકી સામાજીક સડાઓ નાબુદ કરવાના મંડાણ માંડયા. સામાજીક સડાઓમાં પુનર્લગ્ન અંગે મતભેદ હોવાથી મહામંડળે વચ્ચેનો રસ્તો કહાડી સભ્યોને સંજોગ અને શક્તિ અનુસાર કાર્ય કરવાનો હુકમ આપ્યો. બીજા ઠરાવોમાં મતભેદ જેવું છે જ નહિ. એટલે દરેક સંસ્થાએ પ્રચાર કાર્ય શરૂ કરવુંજ જોઇએ.

આપણી કોન્ફરન્સે પણ જ્ઞાતિ ચોગના બંધારણ સામે આંગળી ચીંધીને સુધારાની ઇચ્છા જાહેર કરી છે. જ્યારે મધ્યસ્થ માનસવાળી સંસ્થા આ વિચારો જાહેર કરે, તમામ પ્રતિનિધિઓ ટેકો આપે ત્યારે એમ કહેવું જોઇએ કે સમાજ જ્ઞાતિ ચાસથી કંટાળ્યો છે.

અમને આશ્ચર્ય થાય છે કે જે યુવક સંસ્થા સુધારાના સ્વાંગ સજી સુધારક તરીકે ખપવા મહામંડળમાં જોડાય છે છતાં જ્ઞાતિ ચોગ અંગે યુવક પરિષદે કરેલા ઠરાવથી ભડકી ઉઠે છે. તેવાઓએ ભડકી ઉઠવા પહેલાં આવા અનિષ્ટ તત્વોનો અભ્યાસ કરવાની જરૂર છે, અને તેમ કરશો તો તેમની ભડક એની મેળે ઓછી થશે.

મહામંડળની સ્થાપના સમાજ સડા દૂર કરવાજ થઇ છે, એના સુકાનીઓ મોટી સભ્યાન મોહમાં ન ખેંચાતા મવાલ મનોદશાવાળી સંસ્થાઓને મજબુત કરવાની મહેનત લે અને તેમના મતભેદોથી તેમને સમજાવી મજબૂત બનાવે. આ સ્થીતિ ઉભી થાય તો નબળાઓને સબળા બનવાની તક મળે. સામાજીક સડા સાફ કરવા એ સાધારણ વસ્તુ નથી. એટલે જે સંસ્થા એ મહા કાર્ય ઉપાડે, તેના હૃદયમાં એકજ ભાવના ને તમન્ના વાળા યુવાનો એકત્ર થાય તોજ કાંઇક પરિણામ દેખી શકાય.

લી. x x x x x x

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

એમાં ધર્મ છે?

Reg. No. B. 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર | વર્ષ ૧ લું અંક ૧૮ મો
છુટક નકલ ૧ આનો. | તંત્રી: મણીલાલ એમ. શાહ. | રવિવાર તા. ૧૬-૯-૩૪

## જૈન આદર્શના જહે વિશુદ્ધ સ્વરૂપને અમે પૂજીએ છીએ તે

# મૂર્તિ, મંદિર અને ભક્ત.

'ગર્વોન્મત્ત માનવી! અહુનમ કાં ઉભો વિતરાગને મંદિરે?' અંતરિક્ષથી જાણે કોઇ પૂછી રહ્યું.

'એથી...એથી કે જહેનાં દર્શને હું આવ્યો, અહિં તે શોધ્યા સાંપડતા નથી. આવ્યો હતો વિતરાગ પૂજવા અને અહિં બેઠા છે રાજવિઓ સુવર્ણે શોભીત, કુંપ ને બેભીઆ. એમને હું કેમ નમું?'

એક ક્ષણ—કારમી ને અણુકલ્પી: જાણે વંટોળ વાયો, વિનાશની નોબત ગગડી, પ્રલયનાં ગાન આવ્યાં.

મુગટ ઉડયો, આભુષણો ઉછળ્યાં. પીઠ પાછળનો જરીયાન પડદો લીરા થઇ રહ્યો; સોનાના વરખ ગયાં અને અત્તરની ફોરમ હવામાં ફુલી ગઇ—રંગોનો વાઘ એ બધું ઘસડી ગયો.

**પ્રલયાલાપની** રફતાર થઇ. વાતાવરણ જરા શાંત થયું અને સામે રહેલી સફેત સંગેમરમરની સૌમ્ય મૂર્તિ ઉભી થઇ. વિરાગની ભવ્યતા અને વિતરાગની અલિપ્તતા મહને મુગ્ધ કરી રહી. રાગદ્વેષ રહીત એ પરમ પુરૂષનાં ચક્ષુમાં મ્હેં પ્રેમના મહાસાગર ભાળ્યા, અને.........

...મ્હેં એને પ્રણિપાત કર્યો. તમામ જૈન શાસ્ત્રોમાંથી જહેનો અશરદેહ મૂર્ત થતો હતો તે વિતરાગ આજ હોઈ શકે. ફરી, ફરી, ફરીને મ્હેં એને પ્રણિપાત કર્યા.

x x x x x

**એ પ્રલય પળ પછી મંદિરનાં સ્વરૂપ પણ પલટાઈ રહ્યાં.**

**એમાં** ધ્યાનભગ્ન કરતા ઘંટારવ ન્હોતા થતા; મ્હોટે સાદે ભાવિકતાનાં પ્રદર્શન કોઇ ન્હોતાં કરતાં; મૂર્તિ પ્રાક્ષાલનાર્થે ઉછામણીઓ કરવા લક્ષ્મિપતિઓની સરસાઇ ન્હોતી થતી.

**ભગવાનને** નામે વલખાં મારતાં ગરીબોનું ચુસાયલું ધન ત્યહાં એકત્ર ન્હોતું થતું; ત્યહાં મુનિમો ન્હોતા; ને કેવળ એક વ્યવસ્થાપક વિના ભગવાનનો કોઈ રક્ષક ન્હોતો.

**ત્યહાં** કોઇ ધન મુકતું નહિ, ભંડાર હતો નહિ, અને આાંગી પૂજારી પણ ન્હોતા.

**ભગવાનને** અત્યારે નવડાવવાની બાલિશતા ત્યહાં કોઈ કરતું નહિ, સુવર્ણ—જવાહરના સ્પર્શ સામે ત્યહાં શાસન હતાં અને શાંતપુર્વ બેવકુફીના પરિપાક શાં હતા તે મુગટ ને અલંકારો વેચી, દાન દઇ, પ્રાયશ્ચિત કરવામાં આવ્યું હતું.

**કલરવતા** પ્રરોઢથી સુમસામ સંધ્યા અને નીરવ રાત્રી પર્યંત પ્રભુનાં દ્વાર ખુલ્લાં રહેતાં.

**એને** પૂજે તે, ત્યહાં આવી શકતાં. એને મંદિરીયે સ્ત્રી-પુરૂષ, ઉચ્ચ-નિચ, ગરીબ-તવંગર, સ્પર્શ્યાસ્પર્શ્યનાં દ્વંદોમાં ભેદ ન્હોતો. છાતીનાં બે ફેફસાંની માફક એ દ્વંદોમાં સામ્ય મનાતું.

**એ** હતું પવિત્ર ધામ. ત્યહાં અમાપ શાંતિ હતી. દિલનાં ભ્રમીત, કંટાળેલાં કે મુંઝાયલાં માનવબાળો એ પુણ્યપિતાને મંદિરે આરામ પામતાં, તેમના ગુંજનમાંથી આશ્વાસન મેળવતાં, પ્રાયશ્ચિતથી પ્રોત્સાહન પીતાં અને તાજાં જ તાજાં બની બ્હાર આવતાં.

x x x x x

અને.

પા. ૧૭૪

# પ્રાસંગિક નોંધ.

## સાંવત્સરિક પ્રતિક્રમણ.

જૈન સમાજ અને ધર્મમાં સાંવત્સરિક પ્રતિક્રમણને અપૂર્વ સ્થાન અપાયું છે, વેપારીઓ જેમ નફાતોટાનો હિસાબ–સરવૈયું દિવાળીને દિવસે કાઢે છે અને બેસતા વરસથી નવેસરથી ચોપડા લખે છે ત્યમ આખા વરસમાં કોઇ વ્યક્તિ પરત્વે તકરાર થઈ હોય, કોઇને દુઃખ લગાડ્યું હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, વૈર વિરોધ બતાવ્યો હોય અથવા તો કોઇપણ જાતનું હિંસાજન્ય કાર્ય કર્યું હોય તો ત્હેના પશ્ચાતાપ માટે ઉપરોક્ત પ્રસંગની નિયુક્તિ કરવામાં આવી છે, સમાજના આબાલવૃદ્ધ સૌ કોઇ વ્યક્તિ એ પ્રસંગ સહર્ષ ઉજવે છે, અને આપસના વૈર વિરોધની આપસમાં ક્ષમા યાચના કરે છે, વૈર વિરોધ ભૂલી જાય છે, અને પુનઃ સંબંધ શરૂ થાય છે, આ દૃષ્ટિથી ઉપરોક્ત પ્રસંગનું મહત્વ કંઇ જેવું તેવું નથી. એ પ્રસંગ સનાતન છે, એ દિવસે કોઇ ક્રોધ ન કરે, તકરાર ન કરે, રાગ દ્વેષ ઓછા કરે અને જ્યમ બને ત્યમ શાંતિમય દિવસ પસાર કરે, પણ આજે?—

## સોનાને કંદોરે.

ઉપરોક્ત સનાતન નિયમને ભૂલી જઈ આજે એ પ્રસંગને કોઇ વિકૃત સ્વરૂપ અપાઈ રહ્યું છે, ત્હેનો તાજેજ દાખલો હમણાં સાંપડ્યો છે, ગોડીજીના ઉપાશ્રયમાં ઉપરોક્ત પ્રસંગ ઉજવવા એટલે કે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવા સમાજની અનેક વ્યક્તિઓ એકત્ર થઇ હતી, સવારથી કટાસણા અને પંચીયા પાથરી જગ્યા રિઝર્વ થઇ ગઈ હતી, સૌ કોઈ પોતપોતાની જગ્યાએ ગોઠવાઇ ગયા હતા, પરંતુ નવા આવનારાઓનું શું? કોઇએ બેઠેલી પંક્તિમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો અને એક સોનાના કંદોરાવાળા ભાઇ પોતાનો મીજાજ ગુમાવી બેઠા. સોનાનો કંદોરો કાઢી ત્હેનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો પરિણામે ચાર પાંચ ભાઇઓને સારી પેઠે માર પડ્યો. આ પરિસ્થીતિ પરિવર્તન માંગે છે, સોનાનો કંદોરો એ શ્રીમંતાઇનું ચિન્હ છે, ત્હેનો ઉપયોગ આવા પર્વાધિરાજને દિવસે થાય તે કોઇપણ રીતે પ્રશંસાયોગ્ય નથી. કંદોરાનો આવા નજીવા કારણસર ઉપયોગ કરવો એ સારા માણસનું કાર્ય નથી, અને આપણામાં વ્યવસ્થાની ખામી છે, નવા આવનારાઓ માટે જો જગ્યા ન હોય, તો બીજા અનેક સ્થળે પ્રતિક્રમણની ક્રિયા થઇ હતી, ત્યાં કોઇપણ સ્થળે ચાલી જવું જોઇતું હતું, ગોડીજીના ઉપાશ્રયમાંજ ગમે તે ભોગે પ્રતિક્રમણ કરવું એ એક પ્રકારની ઘેલછા છે, આ ઘેલછાને દુર કરવાની અનિવાર્ય જરૂર છે, જો આપણે વ્યવસ્થામાં માનતા થઇએ તો આવા પ્રસંગ આપણે સહેલાઇથી દુર કરી શકીએ.

## પ્રતિક્રમણમાં પત્થરાઓ.

તે સિવાય પ્રતિક્રમણની ક્રિયા જ્યારે થતી હોય છે ત્યારે કેટલાક ટિખ્ખળખોર તરફથી નાની નાની કાંકરીઓ ફેંકવામાં આવે છે આ બાબત અત્યંત ઘૃણાજનક છે, હું ગમ્મતનો વિરોધી નથી, પણ ગમ્મતથી કોઇનેયે દુઃખ ઉત્પન્ન થાય એ જાતની ગમ્મત કરવાનો કોઇનેયે અધિકાર નથી, કોઇને દુઃખ અથવા પરિતાપ ઉપજાવી આપણે ખુશ થવું એ નરી હેવાનીયત છે, અને તેમાંયે આવા ધાર્મિક વિધાનોમાં તો ખૂબ ગંભીર થવું ઘટે, ત્યાં ઠઠ્ઠા મશ્કરી કે તોફાન ઉચિત નથી, ત્યાં તો જ્યમ બને ત્યમ શાંતિથી ક્રિયા કરવી જોઇએ, જો આપણે એ ક્રિયામાં ન માનતા હોઇએ તો બહેત્તર છે કે ત્યાં ન જવું પણ જઇને કોઇપણ જાતનું તોફાન કરવું એ બીલકુલ ઉચિત નથી, લગભગ આદિશ્વરજીની ધર્મશાળાને છોડીને ઘણે સ્થળે આ જાતનું તોફાન થયું હતું. આ બીના શરમાવનારી છે, કોઇપણ રીતે એ ટિખ્ખળી વૃત્તિ ઉપર અંકુશ પડવાની જરૂર છે.

## એમાં ધર્મ છે?

મુંબઇના લાલબાગના ઉપાશ્રયમાંથી હમણાં એક ચોંકાવનારી બીના બહાર આવી છે, વાત એમ બની છે કે એક મારવાડી કે જે લગભગ પચાશ વરસની ઉમ્મરનો હતો, અને પાંત્રીસ આયંબિલ પૂરાં કર્યાં હતાં, તે લાલબાગમાં શ્રી ક્ષમાવિજયજી પાસે પહોંચ્યો અને ચૌવિહારા પંદર ઉપવાસનું પચ્ચખાણ માગ્યું, મહારાજે એ પચ્ચખાણ આપી દીધું, પેલા ભાઇએ તે દિવસથી ચૌવિહ વ્રત ગ્રહણ કર્યું અને ઉપાશ્રયમાંજ એટલે લાલબાગમાંજ પોતાના દિવસો વ્યતિત કરવા લાગ્યા, આમ ચૌદમા ઉપવાસે એ ભાઇએ આલોકનો ત્યાગ કરી પરલોકનો પંથ સ્વીકાર્યો એટલે કે ભાદરવા સુદિ ત્રીજના દિવસે સવારના એ ભાઇએ સમાધિ લીધી. હવે એ ભાઇનું મુડદું જ્યાં સુધી ઉપાશ્રયમાં હોય ત્યાં સુધી વ્યાખ્યાનાદિ ધાર્મિક ક્રિયાઓ થાય નહિ. એટલે એ મુડદાને બીજે ખસેડ્યું કે જ્યાં જમણવાર કરવામાં આવે છે, આમ એક બાજુ વ્યાખ્યાન વંચાતું હતું, બીજી બાજુ મુડદું પડ્યું હતું અને ત્હેની પાછળજ જમણવાર માટે કડાયા ચાલતા હતા, આ રીતે દિવસના ત્રણ વાગે એ મુડદાને કાઢ્યું અને શોહરતથી ઠેકાણે પાડ્યું, આ બીનાની પાછળ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧ માનવી અનાજ વગર દિવસોના દિવસો પસાર કરે છે, પરંતુ પાણી વગર ચલાવી શકાતું નથી. સાધારણ રીતે ત્રણ દિવસજ પાણી વગર ચલાવી શકાય, અને કોઈ વ્યક્તિ વિશેષ માટે આઠ દિવસ તો પાણી વગર મહા મુશીબતે પસાર થાય, આ બાબત સૌ કોઈ જાણે છે, છતાં ચૌવિહારા પંદર ઉપવાસનું પચ્ચખ્ખાણ શા માટે આપ્યું?

૨ બીજી બાબત એ છે કે એણે પાંત્રીશ આયંબિલ કર્યાં હતાં તેની જેરૂ અવસ્થા હતી, એ ખ્યાલમાં હોવા છતાં પણ ત્હેને પંદર ઉપવાસ કરવા શા માટે પ્રેરણા કરવામાં આવી?

૩ આજના યુગમાં અણુશણ કરવા માટે માનવી અનધિકારી છે એમ શાસ્ત્રકારોનો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં શા માટે લાંબા દિવસના અણુસણ જેવું ત્હેને કરાવ્યું?

૪ એક બાજુ મુડદું પડ્યું હોય અને બીજી બાજુ વ્યાખ્યાનની ક્રિયા ચાલુજ હોય, અને સામેજ જમણ થતું હોય. આ બાબત પણ શાસનથી ઉલટી છે, સમાજને એબ લગાડનારી છે, આવી બાબતો પાછળ જે જાતની ઘેલછા છે એ ઘેલછા જો દૂર થાય તોજ આવા કિસ્સાઓ બનતા અટકે, આ પરિસ્થીતિને અંગે લાગતાવળગતાઓએ એક સ્પષ્ટ નિવેદન કરવાની જરૂર છે કે જેથી જનતા સત્ય વસ્તુસ્થીતિ સમજી શકે. લાલબાગના અભિનેતાઓ એટલું કરશે કે?

# આ પૂણ્ય છે?

ગરવી ગુજરાતમાં નર્મદા નદીના તીરે ભાવાનપુરમાં જૈન વસ્તીના લત્તામાં આજે આ શી ધમાલ છે?

લત્તાના નાકેથી બસો કદમના છેટે આવેલા મકાન સુધી આસોપાલવના ડાળાં પાંદડાની કમાનો કરવામાં આવી છે; તોરણો ને ચાવટાથી આકાશ છવાઈ રહ્યું છે. કમાનને થાંભલે થાંભલે કળા-વિહિન ચિત્રો લટકાવ્યાં છે. વીજળીના દીવાઓની રોશની ઝળહળી રહી છે. રોશની આગળ પતંગીયાઓ બત્તીઓ ઉપર ચકરાવો મારી જીવન હોમ કરી રહ્યાં છે. કોઇ કોઇ સ્થળે ગોઠવેલા ફુવારા ઉડી રહ્યા છે. સામે છેડે રંગરોગાનથી રંગેલુ, ગોખ અને ઝરૂખાથી શોભતું એક ભવ્ય મકાન વીજળીના સંખ્યાબંધ દીવાથી ઝળહળી રહ્યું છે. દરવાજા ઉપર ગુરખા કીરપાણથી ને લશ્કરી લેબાસમાં સજ્જ થયેલો ભૈયો ધોકાથી, પહેરો ભરી રહ્યા છે. સેંકડો પુરૂષો અને સ્ત્રીઓ એકબીજાને ધક્કાધક્કી કરી અંદર જવાની ઉતાવળ કરી રહ્યાં છે.

બાંકડા ઉપર બેઠેલો યુવાન આ ધમાધમ, રોશની, આસોપાલવના ઝાડનો સંહાર, ગુરખા અને ભૈયાનો પહેરો જોઇ વિચારમાં પડી ગયો છે. ત્યાં બીજો યુવાન આવતાંજ અહો! હો! અશ્વની ક્યારે?

હું આજેજ આવ્યો, બેસ, બેસ, ઠીક અચાનક ભેગો થઇ ગયો.

અશ્વનિ—સુરેન્દ્ર! આ સામે શી ધમાલ છે? શું કોઇ રાજા રજવાડાના સ્વાગત છે? કે કોઇ માલેતુજાર શેઠીયાને ત્યાં લગ્ન છે?

સુરેન્દ્ર—તું પાંચ-૭ વર્ષે આવેલ હોવાથી અજાણ્યુ છે. આપણા ગામના નગરશેઠ ઉમાદોશી. મુંબઇમાં સટ્ટાના મોટા વેપારી છે. રેસના બહુ શોખીન છે. જુગારમાં પણ જાણે છે. એટલે તેમાં સારો તડાકો પડવાથી આ મોટી બાંધણીનું દહેરૂં બંધાવ્યું છે, અને મૂર્તિને પહેરાવવા ઝવેરાતનો મુગટ કરાવી આપ્યો છે. તે મુગટ સાથે ઝવેરાતની આંગી છે તેનો આ ઠાઠમાઠ છે—સમજ્યો?

અશ્વનિ—"સમજ્યો."

સુરેન્દ્ર—ખરા દેખાવો તો અંદર જોવા જેવા છે. ચાલ! ઉઠ જોઇએ.

બન્ને બાંકડો ખાલી કરી ઉમાદોશીએ બંધાવેલા બીન-જરૂરી નવા મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યાં સીડીએ માનવ-મેદનીની ઠઠ જામી છે. છતાં બન્ને જગ્યા કરતા કરતા પહેલે માળે પહોંચે છે. ત્યાં આંખોને આંજી નાખે તેવી વીજળીની બત્તીઓના પ્રકાશમાં માનવ કીડીયારાં એકઠા થયાં છે. કોઇ બેઠું છે, કોઇ ઉભું છે, વચમાં નાટકીયાના લુગડાં પહેરી તરગાળાના છોકરાઓ લોકને રીઝવવા નાચે છે, નાટકશાળામાં શોભે તેવાં સ્તવનો ગાય છે; દાંડીયે રમે છે. ગભારાની આગળ બાજોઠો ઉપર વીસેક થાળાઓમાં રાંધેલધાન ફ્રુટ, મીઠાઇઓ વિગેરે ભરીને ગોઠવ્યા છે. એને નીરખીને બન્ને યુવાનો ગભારા આગળ પહોંચ્યા. ત્યાં તો બે ભૈયા ગભારાની ચોકી કરી રહ્યા છે. ગભારામાં બે ત્રણ શ્રાવકો (જેની બનાવટમાં પ્રત્યેક વારે સાડત્રીસ હજાર જીવ મરે છે તેવાં) લાલ પીળા વસ્ત્રો પહેરીને ઝવેરાતની તપાસ રાખતા ઉભા છે.

ગભારામાં ભગવાનની આગળ પવાસન ઉપર, મયુરો ઉપર સોના ચાંદીનો બનાવેલો સુંદર માંડવો ગોઠવ્યો છે. અંદર મહાવીર સ્વામીની પાષાણમૂર્તિ ઉપર ઝવેરાતની આંગી રચવામાં આવી છે. આ મંદિરનો આજનો દેખાવ કોઈ રાજશાહી ઠાઠને શોભતો લાગે છે, કારણ કે એક બાજુ નાચ, સંગીત ચાલી રહ્યું છે. છડી અને ચામરધારીઓ પોકાર કરી રહ્યા છે. અંદર મયુરાસન ઉપર ઝરઝવેરાતનો ઠઠારો કરી વિતરાગની મૂર્તિ બિરાજી છે. "આ તરણ-તારણનું સ્થાન કહેવાય?" આવા વિચારોમાં અટવાતો અશ્વનિ ગભારા સમોવસ આવ્યો. અને બારીકાઇથી નીહાળે છે ત્યાં ભગવાનના ગળામાં હીરાની પટીઓવાળો મોતીનો કોલર, કાનમાં એક હીરાની ચુની, કોટમાં મોતીની કંઠીઓ, અને ઝગમગતું લોકીટ, છાતીએ મોતીના છેડામાં ઘડીયાળ, હાથમાં હીરાની બંગડીઓ ને બ્રેસલેટ, માથે ઝવેરાતનો મુગટ, આ પ્રમાણેના ઠઠારાથી પોતાની દુઃખાયેલી લાગણીને દબાવી જૈનોના માનસને ધીક્કાર દેતો સુરેન્દ્રનું કાંડું પકડી સડસડાટ મંદિરમાંથી બહાર નીકળી ગયો. બન્ને મિત્રો બાંકડે ગોઠવાયા.

અશ્વનિ—સુરેન્દ્ર! આપણા ગામમાં ઝવેરાતનો ધંધો કરનાર એકેય ઝવેરી નથી. છતાં આટલું બધું ઝવેરાત ક્યાંથી ભેગું કર્યું હશે?

સુરેન્દ્ર—ઉમાદોશી એના નામચીન ધંધામાં બે પૈસા કમાયા એટલે સાઠ વર્ષે છોકરાને ઘેર છોકરાં હોવા છતાં ચૌદ વર્ષની બાળા સાથે ગઈ સાલ પરણ્યા. એને રીઝવવા હીરાની બંગડીઓ, બ્રેસલેટો, કોલર, કંઠી, ચુનીઓ, વિગેરે ઝવેરાતના દાગીના કરાવેલ. એ આજે આપણા મહાવીર સ્વામીને પહેરાવ્યો છે. બાકી જે લાલ, લીલાં ને વાદળી રંગનાં નંગો દેખાય છે તે તો મુંબઇથી કાચીયાં મંગાવી તેને ઠાંબ મારી ગોઠવ્યાં છે. મોતી પણ ખોટું છે. બત્તીઓના ઝગઝગાટમાં ચકચકાટ થઇ રહ્યા છે. વાણીયાભાઇને કોઇ પહોંચે નહિ.

અશ્વનિ—આ રાંધેલ અનાજ ફ્રુટ અને મીઠાઇનો શો ઉપયોગ થશે?

સુરેન્દ્ર—રાંધેલ અનાજ માળીઓ લઈ જશે, ખાશે. અને વધશે તેનો કાલ ઉપયોગ કરશે. ફ્રુટ, મિઠાઈ વિગેરે પૂજારી લઇ જશે અને ઘટતે સ્થળે વેચી કરી પૈસો ગાંઠે બાંધશે.

અશ્વનિ—આપણે જૈનો રાત્રે ખાવામાં, વાસી રાખવામાં સખ્ત વિરોધ કરીએ છીએ ત્યારે આમાં પાપ નહિ?

સુરેન્દ્ર—આપણા ગુરૂઓ અને જી......અ... કહેનાર આગેવાનો કહે છે કે રાંધેલ ધાન ધરવાથી મહાપૂણ્ય છે. જેમ ચમરી ગાયનું પૂંછડું 'ચામર,' કીડામાંથી બનતું રેશમી વસ્ત્ર, શાહમૃગની ડુંટીમાંથી કસ્તુરી, બનાવટી કેસર, વિ. અપવિત્ર છે. છતાં વિતરાગની ભક્તિમાં એ ચીજોનો ઉપયોગ કરવામાં અનંત ઘણું પૂણ્ય છે. એમાં શંકા કે દલીલ કરવી એ નાસ્તિકતા છે, અધર્મીપણું છે. જો! આ પૂજાના નિમિત્તે આવતી કાલે વરઘોડો નીકળશે: સોના ચાંદીના રથમાં ભગવાનની મૂર્તિ બિરાજશે, રથને ખેંચવા પહેલા બળદો જોડાતા. હવે એની જગ્યાએ આપણા ભાઇઓ જોડાય છે.

અશ્વનિ—હેં! આપણા ભાઇઓ બળદ તરીકે જોડાય છે?

અનુ. . . . . . . . . . . . . . . પા. ૧૭૫

# ' રે ખા ચિ ત્ર ! '

અમે સૌ તેમને કાકા કહેતાં. એ અમારી દુનિયામાં આર્ય ધર્મનો પ્રાણ હતાં. આર્યધર્મ માટે તેમને બહુ લાગતું. પાકા અહિંસા ધર્મના ચૂસ્ત અનુયાયી. ક્રિયાકાંડના ઉપાસક. એકેય દિવસ એવો નહીં ગયો હોય કે તેમણે પ્રભુના નામની જપમાળા ન ફેરવી હોય. પૂજાપાઠ તો તેમનો પ્રાણ. પછી કહેવુંજ શું ?

યુવક શબ્દની સાથેજ આજે ક્રિયાકાંડમાંથી નિવૃત્તિની અકથ્ય ગર્જના સંભળાયાજ કરે છે. અમને બધાને તેમાંથી નિવૃત્ત થઇ ગએલા જોઇ તેમને અમારાપર ઘૃણા થતી. અવારનવાર તેમની ધાર્મિક વૃત્તિ બહુ છલકાઇ જતી ત્યારે આપોઆપ અમને ધર્મોપદેશ કરવા મંડી જતા...રખેને અમે સુધરીએ છીએ ! પણ બીચારા ભોળા. એમને ક્યાં ખબર હતી કે છોકરાંઓ પણ તેમના મ્હોંમાં શું કે એવા છે ? એ તો અમે એવાને એવાં—જેવાં હતાં તેવાં. ગમે તેમ તોએ અમારા કાકા ! તોએ અમારા તરફ તેમની લાગણી તો ખરી. અમારાંમાં છોકરમત—ઉછાંછળાપણું માની પોતાને સંતોષતા. અમને ધર્મને પંથે વાળવાના તેમના પ્રયત્નો ઓછા થયા ન્હોતાં. નિષ્ફળતા એજ તેમના પ્રયત્નોનો મૂક આદર્શ હતો. છતાં અમને એક દી તેઓ સુધારી શકશે એવી આશા હતી— ક્યાં ઝાંઝવાના જળ ?

તોએ માણસ રજાં. કંટાળો તો આવેજને ? બોલી જવાતું 'કળી બેઠો છે. આવી રીતેજ ધર્મની અધોગતી થવાની.' 'માનવ-જીવનની આ દશા ?'

અમે તેમ હો: હતા તો આશાવાદી. 'ધર્મના પસાયે સૌ સારા વાના થશે' એમ માનીને સંતોષાતા. એમ સંતોષ રાખે કાંઇ વળે ? એમણે તો લબડધક્કે ધર્મોપદેશ આદરયો શરૂ કરેલો. જ્યાં જુઓ ત્યાં બસ ધર્મની પ્રભાવનાજ પ્રયત્નો. ધર્મ પ્રત્યે શો અથાગ પ્રેમ કે માકણુનેય ધર્મોપદેશ કરવા માંડયો. બહુજ ભલું માણસ. માકણુની સાથે બહુ સારી મિત્રાચારી બાંધી. ને હા—લાગણીનો પરિપાક ! ઉંઘમાં પણ માંકણુને ધર્મોપદેશ કરે જાય. પરમાર્થની તો હદજ નહીં. બીચારા ભુખ્યા માંકણુને રાત્રે ઉજાણી જમાડે. અમારાપરથી તેમનો વિશ્વાસ હવે ચાલ્યો ગયો હતો.

**ધર્મનો ઉદ્ધાર ?...**

માકણુ તરફ તેમની દ્રષ્ટિ ઠરતી.

માકણુમાંજ તેમની આશા અને નિરાશાનો પ્રશ્ન હતો. ઉજાણી જમાડવાનો પણ અર્થ હતો. માંકણુ ખાઇ-પીને તગડા થશે, બળવત્તર થશે, ધર્મનો આદેશ બરાબર ઝીલશે ને પ્રચારકાર્ય આરંભશે. ન સાંભળનારાઓને કરડવાની પણ જહેમત ઉઠાવશે.

હવે તો એ માકણુની પણ અમારા તરફ દ્રષ્ટિ ફરી. લાગ જોઇ અમને ઉપદેશ દેવા આવી પહોંચતા. એ તો અમે માયાના. આવેનેજ સિદ્ધિ દેશનીકાલની ફરમાવતા. કાકાને ખબર પડી. શું કરે બિચારા ? આ જમાનામાં તેમની તતુડી ક્યાં વાગે ? વધુમાં વધુ તો પોતે દુ:ખી થતાં. અકાળે ઘડપણ તો ખરૂંજ ને તેમાં મોઢાપરની કરચલીઓ વધુ તીવ્ર બનતી.

અનુ. . . . . . . . . . . . . . . પા. ૧૭૫

# પ્રલય કે પુનરોદ્ધાર.

: લેખક :
ન્હાનાલાલ દોશી, બી. કોમ.

**હિંસા વિ. અહિંસા.**

વિશ્વ અવિરત ગતિએ જળપ્રવાહની જેમ પ્રગતિમાર્ગ કાપ્યે જાય છે. માનવજાતનો ઇતિહાસ એ એની એક રસમય કથા છે. મનુષ્ય પ્રકૃતિએ આ કથામાં પ્રાધાન્ય મેળવ્યું છે. બીજા ઉપરવટ સત્તા મેળવવી તે જેમ મનુષ્ય પ્રકૃતિનો ગુણ છે તેમ રાષ્ટ્રો પણ આ હરિફાઇમાં ઉતરી, મહાયર્ષણો બાદ જીત્યાં અને હાર્યાં છે. અને જ્યારે આવાં ઘર્ષણો ઉદભવે છે ત્યારે માનવજાતની મલીનતા, ક્રુરતા અને અમાનુષીપણું માઝા મૂકે છે, ધન અને સાધનનો અભાવ થાય એટલે ઘર્ષણોનું પરિણામ એક યા બીજી બાજુ ઉતરે છે. રાષ્ટ્રોએ આ પ્રયોગો અનેકવાર અજમાવ્યા છે. ઇતિહાસે પ્રયોગ-યોજકનાં વખાણો ગાયાં છે. તેમની પીઠ થાબડી છે; પછી તે ઘર્ષણ માનવજાતનાં કલ્યાણ સારૂ હોય કે અવદશા સારૂ. પરંતુ માનવજાત આથી એવી ટેવાઇ ગઇ છે કે હવે તમે તેને બીજો વધારે શાંતિમય, પવિત્ર પંથ દેખાડો છતાં તે તરફ તે ઉપહાસની નજરે જોશે.

મહાયુધ્ધોની અંદર અનેક માનવોનો સંહાર અને સાધનોનો નાશ થાય છે ત્યારે પ્રજામત યુદ્ધની કાયમી અવગણના માટેનો અવાજ સંભળાવે છે પરંતુ મહા અભિલાષી સેનાપતિઓ કે રાજ્યનીતિજ્ઞોની દોરવણીથી વળી યુદ્ધનાં નગારાં વાગે છે અને સંહારનો સંગ્રામ શરૂ થાય છે. આજે યુરોપ આવાં યુધ્ધ માટે ઝંખી રહ્યું છે; અને તેજ યુરોપ આજે દુનિયાને શાંતિના પાઠ શીખવવા માટે શસ્ત્રસન્યાસની પરિષદો ભરી દંભ હાંકી રહ્યું છે.

પરંતુ દરેક સમયે અમુક શાંતિના ફિરસ્તાઓ નીકળ્યા છે અને તેમણે રાષ્ટ્ર-રાષ્ટ્રના આ હાનિકારક યુધ્ધોને બંધ કરવા પ્રજામત ને નવી દીશા સુઝાડવા એકલે હાથે કાર્ય આદરેલ છે. આજે જગતમાં હિંદની બહાર પણ એક સારી એવી સંખ્યા છે કે જે હિંસક નીતિ ત્યજી દેવા માટે પ્રજામત કેળવી રહી છે. હિંદ પ્રથમથીજ આધ્યાત્મિક વલણવાળો દેશ હોઇ તેને આંગણે આ મંત્ર પ્રથમ ફુંકાય તેમાં નવાઇ નથી. અહિંસા Mass actionમાં અફળ નીવડેલ છે તેમ કહેવાને હજી વખત લાગશે. હું તો હઠએ માનું છું કે વિરોધના શસ્ત્ર તરીકે અહિંસા પ્રબળ શસ્ત્ર છે તે અમૂક સબળ પ્રયોગો બાદ પ્રજા શીખશે. જ્યાં સુધી એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્રની ભૂખ છે, સત્તાની આંધી છે ત્યાં સુધી યુધ્ધો અને રણસંગ્રામોની જંગલી પદ્ધતિ ચાલુ રહેવાની. હિંસા એ એકજ ખરો રસ્તો છે, તેમ માનનારાઓની આજે જબરી સંખ્યા છે; પરંતુ તેમ માનનારાઓ માનવજીવનની આદર્શતા, અહિંસાના પ્રયોગોની અશક્યતા અને ભાવિ પ્રજાના સંસ્કાર પ્રતિ અશ્રદ્ધાની નજરે જુએ છે તેમ હું માનું છું. આજે હિંદના લોકો શારીરિક રીતે અને સાધનોથી નબળા છે અને હિંસાનો પંથ પાલવે તેમ નથી એ દલીલ સાચી છે પરંતુ પુર્વપુરૂષો અને આજકાલ અહિંસામાં માનનારા ચુસ્ત વ્યક્તિઓ—અહિંસાના પ્રયોગ માટે સંયમ અને માનસિક શક્તિની જરૂર છે, તેમજ તે શસ્ત્ર સ્થળ કે સંજોગોની અનુકુળતા ઉપર અવલંબે છે— તેમ માને છે. તેજ અહિંસક પુરૂષ પોતાના રક્ષણ માટે શક્તિનો ઉપયોગ કરી શકે તેમ પણ તેઓ તો સુધીજ કહે છે.

આમ હિંસા, અહિંસાના બે ત્રાજવાની અંદર રાષ્ટ્રોની

# દં......ભ..........છો......ડો.

"મારી વિનંતિ એ છે કે આપ કૃપા કરીને ઘડીવાર ન્યાયાસન ઉપર બેસો. તમારી ન્યાત, તમારા રિવાજ, રૂઢિ અને એવું બધું ઘડીવાર ભૂલી જાઓ. જૂઓ! તમારી પાસે આ બાળા આવે છે, અણસમજુ અને ગભરૂ. સંસાર એણે જોયો નથી, લગ્ન એ સમજતી નથી. ગૃહવાસ ભોગવ્યો ન ભોગવ્યો અને એ વિધવા થઈ છે. પરણાવી એના બાબાપે, વિધવા બનાવી એના નસીબે, એમાં કઈ જગ્યાએ એનો દોષ અને એનો ગુન્હો છે?

વિધવાના આદર્શો એ સમજતી નથી. એ કલ્પનાની ભવ્યતા એના અંતરમાં ઉતરી નથી. સ્નેહ એ શું? એ કદાચ જાણતી નહિ હોય. છતાં સમાજ એને ગરીબ અને પરાશ્રયી બનાવે, સાદી અને વૈરાગી રહેવા ફરજ પાડે, અપશુકન અને તિરસ્કારનું પાત્ર બનાવે. એ શા માટે? હું પૂછું છું, શા માટે? કયા ગુન્હે?

પછી! ઉઘાડી રીતે ન કરી શકે તે ખાનગી રીતે કરે. અનાચારો અને ગર્ભપાતોની બસ વાત ન પૂછો. તમે એ બધું સમજો ખરા, પણ લોકો વાતો કરે, એ કારણે તમે ચૂપચાપ બેસી રહો. ક્યાં સુધી? ક્યાં સુધી એના ઉપરનો અન્યાય અને જુલમ, એનો પોતાનો પાપાચાર અને આપણો દંભ આપણે નિભાવી રાખવા છે?

> વિધવા વિવાહ એ માત્ર સુધારણા કે સ્વતંત્રતાનો વિષય નથી, પરંતુ સામાજીક જરૂરિઆત અને વ્યવસ્થાનો વિષય છે.
>
> સમાજે કુળાભિમાનનું ઘમંડ અને ખાનદાની ટકાવી રાખવા સ્ત્રીઓનો નિરંકુશ ભોગ લીધો છે, આજે સ્ત્રી સમાજ તેવો ફરજ્યાત ભોગ આપવા તૈયાર નથી. ન્યાયપ્રીય પુરૂષો આવા ફરજ્યાત ભોગથી કંપી ચાલ્યા છે. સ્ત્રી એટલેજ સમાજ નહી, પુરૂષ અને સ્ત્રીનું સંયોગીકરણજ સમાજરૂપે છે. માટેજ બન્નેની સમાન વ્યવસ્થાથીજ સમાજ ટકશે.
>
> પવિત્ર વૈધવ્ય ધર્મ છે. પુનઃલગ્ન નીતિ છે. અધર્મ નથી—ઉપહાસ કે તિરસ્કારને પાત્ર નથી.
>
> વિધવાને પોતાનું કહી શકાય તેવું ઘર. અને દીલ ખોલી શકાય તેવો સ્વજન આપીનેજ, તેને સુરક્ષિત બનાવી શકાશે. પરાણે ધર્મમંદિરોમાં હડસેલે કે વ્રતનિયમોમાં તપાવી નાંખે કે થોડાક ચીથરાં કે રોટલાના ટુકડા આપે કંઈ નહિ બને—
>
> સતીત્વ એ અતિ ઉચ્ચ પણ ઘણોજ દુર્લભ માર્ગ છે. પતન સહેલો—અને સૌને ખેંચે તેવો કલંકમય રસ્તો છે, પુનઃલગ્ન એ સતીત્વ અને પતન વચ્ચેનો માનવંતો વ્યવહારીક માર્ગ છે. [ બા. વિ. વિ. સહા. સભા. પ.]

વાત તો એ છે ને કે લોકો વાતો કરશે? એટલેજ અમારૂ કહેવું એ છે કે વાતો ન કરે એવું કરો. તમે ઠરાવ કરો કે "ફરજિયાત વૈધવ્ય એ ગુનાસભ નથી, પુનર્લગ્ન ઇચ્છશે તેને તે મળશે અને સમાજની તેમાં સહાનુભુતિ મળશે." આટલું કરશો તો વાતો બંધ થશે. અથવા થશે તો એ કોઇ સાંભળશે નહિ.

**એ દંભ ઉઘાડો પાડી** દઇશું—હું ફરી ફરીને કહું છું કે આ વસ્તુનો બીજો કોઈ ઉપાય નથી, એકજ ઉપાય છે અને તે એ કે એક નિખાલસ એકરાર કરી નાંખો કે આજનું વાતાવરણ વૈધવ્યના આદર્શ માટેનું નથી. એ દંભ અમે છોડી દેવા માંગીએ છીએ; જે વિધવા એ દંભ છોડશે તેના તરફ અમારી સહાનુભુતિ છે. આમ કરશો તો તેમાં પ્રાયશ્ચિત છે, ન્યાય છે અને ધર્મ છે.

આપણા ઘણા ભાઇઓનું એ કહેવું છે અને તે તદ્દન સત્ય છે કે "પુનર્લગ્ન કરવા ઇચ્છનાર વિધવા છેજ ક્યાં? બાઇઓજ પુનર્લગ્ન કરવા ના કહે છે." તો આપણે ક્યાં કહીએ છીએ કે પુનર્લગ્ન કરોજ કરો. જેમ વૈધવ્ય ફરજિયાત ન હોય, તેમ પુનર્લગ્ન પણ ફરજીયાત નજ હોઇ શકે.

પરંતુ જ્યાં તમને એ આદર્શની ખામી જણાય, માનસિક અને શારીરિક અનાચારની સંભવના જણાય ત્યારે એ દંભ છોડનાર, અને વાસનાને મર્યાદિત કરનાર બ્હેનને પુનર્લગ્નની સલાહ આપજો અને તે તેમ કરે તો તેની નિખાલસતા, તેની બહાદુરી અને દંભત્યાગને સત્કારજો. એ તિરસ્કારનું પાત્ર નથી, પણ માન અને અભિમાનનું પાત્ર છે, એમ માની તેના તરફ વર્તજો.

આપણા ભાઇઓ પૈકી ઘણા એમ કહે છે કે તમારી વાત બધી સાચી પણ એના ઢોલ શું કામ વગાડો છો? એનું આટલું પ્રચારકામ શા માટે? અવશ્ય એ મુદ્દાનો પ્રશ્ન છે, પણ હકિકત એમ છે કે જ્યાં સુધી વાતાવરણ કેળવાય નહી ત્યાં સુધી પુરૂષ અથવા સ્ત્રી હરકોઇમાં દંભ છોડવાની તાકાત ન આવે. એ દંભ છે એ બધા જાણે, એ દંભ છોડવાની જરૂર છે, એ દંભ છોડનારનો સમાજ પણ તિરસ્કાર નથી કરતો, એ બધા જાણે, પછીજ દંભી દંભ છોડવાની ઇચ્છા કરે, માટેજ પ્રચારકામની જરૂર રહે છે."

**અમૃતલાલ દ. શેઠ.**

---

અને વિધવિધ સમાજોની વિચારસરણી વહેંચાઈ ગઇ છે. પરંતુ વારંવાર હિંસાના પ્રયોગોરૂપી રેચથી આજે પ્રજાનું શોષણ થઈ રહ્યું છે, જ્યારે આજે એક દિવસની અંદર આખા રાષ્ટ્રનું કેમ નિકંદન થઈ શકે તેને માટે શોધખોળો થઇ રહી છે, હવાઇ પ્રયોગો ઉપર અખૂટ દ્રવ્ય ખર્ચાય છે ત્યારે બીજી બાજુ પ્રજાને જુલ્મોનો તિરસ્કાર શીખવવાની અને અહિંસાના પ્રયોગની સચોટતા વિષે શ્રદ્ધા બેસાડવાની જરૂર છે. આજની અને હવેની પ્રજાની ચૂડીવાદી કેળવણી ફેરવાય, એક યા બીજી પ્રજા ઉપર જોહુકમી ચલાવવા અને સામ્રાજ્યો સ્થાપવાની ગર્વિષ્ઠ શિક્ષણપદ્ધતિ બદલાય અને સાથે સાથે દરેક ગુલામ પ્રજા પોતાના દેશજનોની અંદર એવી શારીરિક અને માનસિક શક્તિઓનો સંગ્રહ કરવા પ્રયત્નો આદરે કે તેમના હકકોનો અન્ય પ્રજા પ્રતિકાર નજ કરી શકે, ત્યારેજ આજનાં કેટલાંક અનિષ્ટોનો અંત આવશે.

અહિંસા એ જેટલી વ્યક્તિજીવનના સંયમ અને ચારિત્રને જરૂરી છે, તેટલીજ તે રાષ્ટ્રોની કાયમી નીતિ તરીકે સ્વીકારાય તો આ સૃષ્ટિનું સારૂં નવસર્જન થયું લેખાય.

---

પ્રત્યેક જુવાનોએ ન્હાની ન્હાની જ્ઞાતિઓને જમીનદોસ્ત કરી સારા જૈન સમાજમાં—રોટી, બેટી વ્યવહાર ચાલુ કરાવવા પ્રયત્નો કરવા જોઇએ.

# નારીજીવનનાં જીવતાં દોઝખ

ડાહ્યાલાલ વી. મહેતા.

(૧)

વિશ્વવંદ્ય બાપુજી આત્મકથામાં લખે છેઃ "નોકર ઉપર **વહેમ** જાય ત્યારે તે નોકરી છોડે, પુત્ર ઉપર એવું વીતે તો બાપનું ઘર છોડે. મિત્ર મિત્ર વચ્ચે **વહેમ** દાખલ થાય એટલે મિત્રતા તુટે, સ્ત્રી પતિ ઉપર **વહેમ** લાવે તો સમસમીને બેસી રહે, પણ જો પતિ પત્નીને વિષે વહેમ લાવે તો પત્નીના તો બિચારીના ભોગજ મળ્યા; તે ક્યાં જાય? **ઉચ્ચ મનાતા વર્ણની** હિંદુ સ્ત્રી અદાલતમાં જઇ બંધાવેલી ગાંઠને કપાવી પણ શકે નહિ એવો **એકપક્ષીય ન્યાય તેને સારૂ રહેલો** છે. આવી કસ્તુરબાના કેથ તરીકે મહાત્માજીના આ શબ્દો કસ્તુરબાઇ અને મોહનદાસના ગૃહસ્થાશ્રમના પ્રથમ તબક્કાના અનુભવ ઉપરથી લખાયેલા છે. આર્ય સંસ્કૃતિનાં તત્વો સ્ત્રી અને પુરૂષની નૈતિક વફાદારીને લીધેજ ઉચ્ચતમ ગણાય છે એટલે સ્વપતિ કે સ્વદારા સિવાયના અન્ય સ્ત્રી પુરૂષો ભાઇ બહેન જેવા લેખાય છે, અને તેથીજ ગૃહજીવનની મધુરી લ્હાણ આર્ય સંસ્કૃતિ આપી શકે છે.

પણ વર્ષોનાં વર્ષો થયાં સ્ત્રી ને પુરૂષની અન્યોન્ય વફાદારી ભુલાઇ જવાથી સ્ત્રીનીજ વફાદારી આજે આર્ય કહેવાતી સંસ્કૃતિને માન્ય છે, એટલે બાપુજીના ઉપરોક્ત શબ્દો મુજબ સ્ત્રીને સમસમીને બેસી રહેવા સિવાય બીજું કશુંજ કરવાનું રહેતું નથી. પુરૂષજાત કોઇપણ પ્રસંગે એ સંસ્કૃતિ ઓથે સ્ત્રીજાતિ ઉપર વહેમ લાવી શકે છે, કલંક દઇ એના આખા જીવનને ભગ્ન અને નીરસ બનાવી દે છે. આજના જમાનામાં સ્ત્રીજાતિ ઉપર વહેમ લાવી આવ ખોટાં આળ મૂકી, કલંક દેવાની રીત તો એક રોજંદી પ્રવૃત્તિ સમાન થઇ પડી છે. અયોધ્યા નગરીએ મહાસતી સીતા ઉપર વહેમ લાવ્યો, અને રામ જેવા પતિરાજને પણ તેનો ત્યાગ કરતાં કમ્પારી ન છુટી. સતી સુલસાના ઉપર સાસુએ કલંક દીધું અને તેએ ખોટું નિકળ્યું, તેમ આજે પણ એ વહેમ કેટલીક ભોળી બહેનો ત્યાગ કરાવી રહ્યા છે? કેટલીક બહેનોને સહન ન થઇ શકવાથી કુવો હવાડા પુરાવી રહ્યા છે. કલંક દેનાર, વહેમ લાવનાર પુરૂષસમાજ નથી સમજતો કે સ્ત્રીને એનું પરિણામ શું ભોગવવું પડશે એમ નથી, પણ સ્ત્રીજાતિને કાબુમાં રાખવાની જાણે એને જડેલી આ યુક્તિ છે એમ સમજી તે અવારનવાર તેનો ઉપયોગ કરે છે.

**વહેમ** અને **કલંક** એ સ્ત્રીજાતિના મનને જીવનભરનો ડંખ દેનારી વસ્તુ છે, તો **અત્યાચાર** અને **બલાત્કારો** ક્યાં ઓછી વિષ દેનારી વસ્તુઓ છે? નારીજીવનની નીરાધારીતાનો, અણુસમજનો, ગાંડેલપણાનો કે બીજા એવા અન્ય કોઇ પરવશતાના કારણનો પુરૂષજાતને મનમાન્યો ગેરલાભ લેતાં ક્યાં નથી આવડતો? કેટકેટલી વિધવા બહેનો, સ્વપતિની મિલ્કત પચાવી પડનારની અહોરાત્રી ગુલામી વેઠવા છતાં પેટને ખાતર ધનિક શાહુકાર ગુંડાઓના અત્યાચારના ભોગ બની રહી છે? કેટલીએ જીવનભરની પવિત્ર ત્યાગમૂર્તિ બહેનો એકાદ અસમજણના લીધે પુરૂષજાતે ફસાવી દીધા પછી પાછળના જીવનને વેશ્યાવૃત્તિમાંજ પૂરી કરી દેતી નથી?

સ્ત્રીજાતિનું હૃદય ઉદાર છે, અને હોવું જોઇએજ; પણ હોવું જોઇએ એ કરતાં વધુ ઉદાર છે, એજ એમના વિનાશને નોતરૂં દીએ છે. એજ એમની સંકડામણો ઉભી કરે છે. કેટલીએ વણીક બહેનો નાના મોટા શહેરોમાં, કે ગામડાઓમાં, બદમાસોની પ્રથમ નાની નાની મશ્કરીઓને નજીવી ગણી જતી કરે છે—કરવાની ફરજ પડે છે, કારણ? એક બાજુ સમાજની બેધારી તલવાર એમના શિરપર ઝુકવા તૈયાર છે, બીજી બાજુ ગુંડાના એ પછીના ભાવી અત્યાચારની આગાહી એમને હતપ્રાણ બનાવી મૂકે છે. અને સાથે એ પણ એક કારણ છે બિચારી આખા જીવન સુધી દબાયેલી બહેનો સામે થઇને પણ કરે શું? લોકનિંદાનો બાઉ એમને ભરખવા તૈયાર બેઠો છે, એટલે એ બદમાસો ધીમે ધીમે વાણિયણને નમાલી ગણી ગમે તેવી અજુગતી છૂટ લેવાને જરાએ ખચકાયજ શું કામ? **ક્યાં વાણિ-શરા વાણિયા તેમનું બાવડું ઝાલી શકે તેમ છે!**

બદમાસોની કથાઓ જરા બાકી મુકીએ. આ આપણા પર્વાધિરાજ પર્યુષણ હજુ ગયા હાલેજ આવી ગયાં. ધર્મઘેલડી બહેનો એમના મિજાજ પ્રમાણે જરા વધારે ઘેલી બની રહી હતી. એક કેડમાં બાળક હાથમાં બીજા બાળકનો હાથ, અને એક પોટલું આગળ, એકને ધક્કો મારે અને આગળ ચાલે. જરાયે વિચારીને ભાનજ નહી કે એ શું કરે છે? મહાવીરદેવનો જન્મોત્સવ ઉજવવામાં એનો હાથે હોવોજ જોઇએ? એટલે ધક્કામુક્કીમાં જેમ તેમ અથડાતી કુટાતી એ સ્ત્રી સમુદાય તરફ જવાને પ્રયત્ન આદરે, પુરૂષજાતની વિલક્ષણતાનું ખરૂં દશ્ય ત્યાંજ જોઇ શકાય, કે જ્યારે એવી બહેન પસાર થતાં કેટકેટલી વિટંબનાઓ સહન સહન કરે છે. ધડાધડ શ્રીફળ ફુટયાં—ફોડવામાં આવ્યાં અને એક—બે—ત્રણ, એક કાચલી, બે કાચલી—અને વિશેષ બે ચાર પાંચ બહેનોની છાતી ઉપર અથડાય. પ્રભુ! આહ! જાણે પુરૂષ સમુદાય ધૃતરાષ્ટ્ર કે સુરદાસોની ભજનમંડળી હોય તેમ કશુંજ બન્યું નથી એમ આંખ આડા કાન કરે! બહેનોના ગાંડેલપણાનો આવો લાભ બીજા કયા સ્થાનમાં મળી શકે? આથી બીજા રૂડા અત્યાચાર કયા પ્રસંગે થઇ શકે?

સ્ત્રી સંસ્થાઓના માલિકો કે વહીવટદારોની પાશવી વૃત્તિઓએ નિર્દોષ, નિરાધાર પવિત્ર બહેનો ઉપર બલાત્કાર ગુજાર્યાના કેટકેટલા હેવાલો વર્તમાનપત્રોમાં વારંવાર વાંચ્યાજ કરીએ છીએ? બહેનો એમના રક્ષણનો પ્રશ્ન નહી ઉકેલી શકે? નહીજ!

શારીરિક બલાત્કાર નહિ તો માનસીક બલાત્કાર ક્યો પુરૂષ સ્ત્રીજાતિ ઉપર નથી ગુજારતો? સમજણ અને લગ્નના વિષયથી તે માતૃપદ અને મૃત્યુના આગમન સુધી સ્ત્રીજાતિ બલાત્કારોજ સહન કરે છે.

તિરસ્કાર એ પણ બલાત્કાર છેને? પરવશનો તિરસ્કાર એ મહાપાપ ન સમજાય? પુરૂષને પરણ્યા પછી સ્ત્રીને તિરસ્કાર સહન કરવોજ પડે? નવો જમાનો આવ્યો, નવી ભાવનાઓ આવી, આદર્શોના મંડાણ થયા. સ્ત્રી એ ઘરરખુ નહી પણ મિત્ર છે એમ સમજાયું. પણ તેથી શું? સ્ત્રીને સમાજે થોડીજ એ ભાવનાઓ સમજવા દીધી છે કે પુરૂષ એનો મિત્ર છે? એ તો પતિ એટલે દેવ સમજે છે. નવા યુગમાં રાચતા પતિદેવ અને જુના સમાજમાં ઉછરેલી ગૃહિણીના કલહો ભલભલા પતિને સ્ત્રીનો તિરસ્કાર કરવાના માર્ગે દોરી જાય છે. પતિ શું કરે? આંખમાં નીર હોય તો નદીઓ વહેવડાવે.

અહોરાત્રિ વિલાસના ઉશ્કેરાટભર્યા આજના વાતાવરણમાં ભમતા, અને લગ્નના કાયદેસરના હક પૂરા કરવાની માંગણી નહી પણ આગ્રહ કરતા, અનેક પતિદેવોથી આખા દિવસમાં ઘરમાં ગદ્ધાવૈતરૂં અને વેઠી કરી થાકીને લોથ બનેલી ગભરૂ સ્ત્રીઓપર હરહમેશ આદરવામાં આવતા બલાત્કારોપર તો પડદોજ મુકશોને?

**મૂર્તિ, મંદિર અને ભક્ત—અનુ.** પા. ૧૬૯ થી

**દંભનાશના એ દિવસ પછી ભક્તસંખ્યા પણ ઘટી ગઇ.**

**લક્ષ્મીની** કે મ્હોટપની સરસાઈ ત્હાં થતી નહિ તેથી, એવા શર્તશોખી કે પ્રદર્શનશોખીઓનાં વૃંદ ત્હાં જામતાં નહિ.

**સ્ત્રી** પુરૂષનાં લાવણ્ય ને સૌંદર્ય પ્રત્યે ત્હાં ઉદાસિનતા સેવાતી તેથી એની હરિફાઇ વાંચ્છતાં કોઇ આવતાં નહિ, કપડાં આભુષણોની વિવિધતાનાં દર્શક ને સંસ્કારી અસંસ્કારી દેહ શણગારનાં રસીયાં ત્હાં મુદ્દલ જણાતાં નહિ.

**ત્રેવીસ** કલાક ને ત્રેપન મીનીટ પાપાચાર કરી, પ્રભુ પગથારે સાત મીનીટ ગાળી પ્રભુને છેતરનારાં ત્હાં દેખા દેતાં નહિ.

**મંદિર** જવામાંજ મ્હોટપ પમાતી નહિ, નહિ જવામાં ન્હાનમ મનાતી નહિ; એટલે લોકાચારે દંભ કરવાની જરૂર હતી નહિ.

અને તેથી ત્હાં આવતાં નિર્દંભ ને ઉત્કૃષ્ઠ ભાવે પ્રેરાયલાં માનવબાળો:—ચિંતન કરવા, અંધકારમાં પથ ખોળવા અને પ્રાર્થવા—

**'પ્રેમળ જ્યોતિ ત્હારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ.'**

---

**આ પુજન છે?—અનુ.** પા. ૧૭૧ થી

સુરેન્દ્ર—અરે! જુવો! જોડાતા નથી. પણ પચ્ચીસ ત્રીસ જણ પુજાના રેશમી વસ્ત્રો પ્હેરીને રથને ખેંચે છે. સાથે રથની આગળ દસ પંદર જણ જાહેર રસ્તાઓ ઉપર દાંડીયે રમે છે. આ બધાં દ્રશ્યો જાહેરમાં આપણી મુર્ખાઇનું પ્રદર્શન ભરવા જેવાં છે.

અશ્વિને—આ 'તુત' તો હમણાંજ શરૂ થયું લાગે છે, નહિ?

સુરેન્દ્ર—તું એને ભલે તુત કહે. એમાં કશું ગુમાવવાનું નથી, જો! આજે શીખંડ પુરી, ને આવતી કાલે દુધપાક ઉપર હાથ પડશે, ઉપરથી ઉમાદોશી કાલે પુજાનાં રેશમી વસ્ત્રોની લ્હાણી કરશે. ગુરૂઆપણ પીળી ભક્તિ માથે નાંખી ધર્મિનું બિરૂદ આપશે. બોલ! શું ગુમાવવાનું છે!

અશ્વિન—આ સ્થીતિ હવે ચલાવી લેવાય તેમ નથી. ઉમાદોશીએ કરેલા કાળા કૃત્યોપર ઢાંકપીછોડો કરવા આ પ્રમાણે બોલબાલા ન બોલાવે તો એનો ભાવ કોણ પુછે? આવા જુગારી અને લંપટોને તો ખુલ્લેખુલ્લા બ્હાર પાડી એમની કહેવાતા ધર્મની સફેદ ચાદર ઉંચકાવીજ જોઇએ. દહેરાસરો અને વિતરાગની મૂર્તિઓ સાથે, ધર્મના બ્હાના નીચે જે રમતો રમાય છે તે સામે ઉદાસીનતા સેવવામાં સમાજનું ને ધર્મનું પતન છે. તેની સ્હામે મોરચા બાંધી સમાજને સાવધ કરવી એ આપણું કર્તવ્ય છે. બોલ! સાદ દેતા કર્તવ્યને સાથ આપવા તું તૈયાર છે?

સુરેન્દ્ર—હું તો ત્હારા જેવા સોબતીની વાટ જોઇનેજ બેઠો છું.

બીજે દિવસે અશ્વિનને ત્યાં એકત્ર થવાનું નક્કી કરી બન્ને મિત્રો એકબીજા સાથે હસ્તધુનન કરી છુટા પડયા——

**'રેખાચિત્ર!'—અનુ.** પા. ૧૭૨ થી

આંખો અધમીંચી થતી. શરીરમાં કમકમીયાં આવતાં. પળે પળે ધ્રાસ્તિ રહેતી—પાપનું જોર વધશે, પૃથ્વી રસાતળ થશે. બીચારા માથું ધ્રુણાવી થાકયા. છતાંએ તેજ તેમની અભ્યર્થના ને આશા હતી.

x x x

ગમે તેમ તોએ હતાં પૂર્ણ સ્વાતંત્ર્યના હિમાયતી. નાની વસ્તુથી માંડી દરેક બાબતમાં સ્વતંત્રતાના હિતેચ્છુ. તેમના વાળનેય પૂર્ણ સ્વાતંત્ર્ય આપતા. વાળને તેલથી કે પોમેડથી ચીકણા કરી એક જગ્યાએ ગોંધી રાખવા તે તેમને અકારૂં લાગતું. સ્વતંત્રતાને માટે ધમપછાડા કરનારા પોતાના વાળને એક જગ્યાએ ગોંધી રાખવા તે તેમને તેઓ પોતાના સિધ્ધાંતની વિરૂધ્ધ જતાં હોય તેવું લાગતું. તેમણે વાળને માટે એક ખાદીનું નાનું સરખું ઘર પણ બનાવ્યું હતું. છતાં બધાને તે ઘરમાંજ પૂર્યા કરવું એવું કંઇ હતુંજ નહીં. હતાં તો ઘણા ઉદાર. જેને એ ખાદીના ઘરની બ્હાર હવામાં કુદાકુદ કરવી હોય તેને તેમ કરવા દેતાં...એકલપેટા તો જરાએ નહીં હોં. ચોપાટી ફરવા જાય ત્યારે વાળનેય ચોપાટીની હવા ખવરાવે. વાળને તો ટેવ પડી. પવનની સાથે કુદાકુદ કરવાની. તોએ કંઇ બોલતા નહીં. કોઇ કોઇ વખત વાળ બહુજ તોફાન કરવા માંડે ત્યારે તે જરા ખેંડાઇ જતા...ગપ દઇને બધાય ખાદીના ઘરમાં પુરી દેતા. થોડી વાર પછી એ તો એવાને એવા. વાળને છુટથી ફરવા દેતા.

ખરેખર! એકંદરે માણસ તો બહુ ભલું. બોલીમાં ૧૮ મી સદીના. તોએ તેમનું બોલવું મ્હને તો બહુ ગમતું. પ્રોઢની સાથે વાત કરે ત્યારેય હું તેમની સ્હામે જોઈ રહેતો. મનમાં ક્વચિત્ ક્વચિત્ હસતો. હજીએ સંભારૂં છું ને છાનું છાનું હસું છું.

---

## સાચી અહિંસા—

કેટલાક માણસો એમ માને છે કે અહિંસા એટલે કીડી, મંકોડી કે કોઇ જીવને દુભાવવો નહિ: ખરી રીતે આ અહિંસા તો છેજ. પણ જ્યારે કીડી, મંકોડી ન દુભવનારા પોતાના પ્રસંગમાં આવતા માણસોને ડંડા મારથી હણી નાંખે છે, ત્યારે એમની અહિંસાની ભાવના હિંસા કરતાં પણ વધારે વધારે ભયંકર બની જાય છે. જીવનના દરેક ક્ષેત્રમાં જે માણસ પોતાનો સિદ્ધાંત ઉતારી શકતો નથી, તે ઘણું કરીને પોતાના સિધ્ધાંતથીજ પોતાનું પતન વ્હોરી લે છે.

શુદ્ધ અહિંસા જીવનના દરેક ક્ષેત્રમાં માનવતા માગે છે—પછી તે ક્ષેત્ર કોડીયારૂં પુરવાનું હોય, વ્યાજ લેવાનું હોય, કાપડ વેચવાનું હોય કે કુટુંબની વિધવાને ભાગ આપવાનું હોય—ખરી અહિંસા તો એજ છે.—

બીજી બધી અહિંસાના સ્વાંગ નીચે સળગતી હુંડી કુરતા છે.

## કર્મના પ્રકાર.

શાસ્ત્રકારોએ કર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે. (૧) ક્રિયામાણ (૨) સંચિત (૩) પ્રારબ્ધ—આપણી જે સંતતિ ઉત્પન્ન થાય છે તે રોગી રહે કે નિરોગી, જીવે કે મરે તે સઘળા માતાપિતાના પ્રારબ્ધ, યાને પહેલા આદરેલા સત્કર્મના ફળરૂપેજ હોય છે.



## શુભકર્મ

માતાપિતા પોતાના ફળરૂપ બાળકને મેળવે છે, તે પોતાના શારિરિક વિર્ય, જે વનસ્પતિ વીગેરેના આહારમાંથી મેળવે છે, તેનું સુક્ષ્મ સ્વરૂપ જે મન છે, તેમજ પ્રાણ પણ છે. પ્રકર્ષ-અન્ન=પ્રાણ. એટલે અન્નમાંથી ઉત્પન્ન થએલ સુક્ષ્મ સ્વરૂપ તે પ્રાણ. અને તેથી જેવું અન્ન તેવું મન એમ કહેવાય છે. મનની ગતિ પ્રમાણે શારિરીક ક્રિયાઓ થાય છે. એકજ માતાપિતાના સંતાન, પોતાનીજ પ્રજા પ્રતિના શુભ—કર્મ વડેજ જન્મ ધારણ કરે છે.

## અકળ કળા

ઇશ્વરની અકળ લીલા કહી આપણે જેઓ પ્રજા—ભાવી પ્રજા પ્રત્યે હવે બેજવાબદાર ન રહી શકીએ.

"અણુમાં આખો વડ સંકેલ્યો,
એના મુળ ઉંડા મેલ્યા રે જી
કીડીના આંતર કેમ ઘડીયા,
એવી તારી કળા અપરંપાર જી."

કવિના આ કથનમાં સત્ય છે માટેજ આપણે આપણા પરિચયવાળા પશુ, પક્ષી કે વનસ્પતિના બીજના આરોગ્યનો, તેની વિકાસનો વિચાર કરીનેજ ઉત્પત્તિ થવા દઇએ છીએ; જ્યારે આપણે મેહતર માનવસમાજ બાબતે વ્યવહાર અને આબરૂની આંધીમાં નબળી પ્રજા થવા દઇ આપણા પોતાના ગુન્હેગાર બનીએ છીએ, અને સમાજના દ્રોહી બનીએ છીએ.

## માતાનું સ્થાન

સંસારમાં આવ્યા પછી બાળકને પ્રથમ સમાગમ માતાનો થાય છે, એટલે તેનાજ ગુણનું વિશેષ પાન કરવા લાગે છે. માતાના ગુણો સારા હોય છે તો જરૂર બાળક સારૂં નિવડવા સંભવ છે. દરેક બાળકને પ્રથમ માતાનોજ સમાગમ વધુ ફળપ્રદ થાય છે, તેથી માતાએ 'જગત જનની'નું, 'ભવાની'નું અને પૂજાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## આરોગ્ય

બાળઉછેરનો સઘળો આધાર માતા ઉપર છે. તેથી માતાએ પ્રથમ તો બાળકના બાંધો સુધારવાની કાળજી રાખવી પડે છે, બાળકને સરખી રીતે સુવડાવવું, સરખી રીતે તેડવું, મળમુત્રથી સાફ કરી સ્વચ્છ રાખવું વીગેરે બાબત ખુબ કાળજી કરવાની હોય છે. બાળક ૭ સાત માસનું થાય અને દાંત આવવાનો સમય થાય ત્યારે બાળક માંદુ સાજુ થયાં કરે છે. આ બધી વેળાએ બરોબર ધ્યાન અપાય તો ભાગ્યેજ માંદગી આવે અને અકાળે મૃત્યુ થાય. ત્યારે હિંદમાં પચાસ ટકા જેટલા બાળકો બચપણમાંજ નાશ પામે છે. આ બધી આપણી બેજવાબદારી નથી તો શું છે?

## સ્ત્રી-કેળવણી

સ્ત્રી કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન નહીં. બાળકના રક્ષણ, પોષણ અને શિક્ષણ વિષેની આ બધી કેળવણી પ્રથમની સ્ત્રી માતા અગર નવોઢા સ્ત્રીએ, પોતાની માતા, અથવા સાસુ પાસેથી સવિસ્તર જાણવી જોઇએ. આ અનુભવ-જ્ઞાનના અભાવે નવોઢા સ્ત્રીઓ પોતાની સંતતિનો સંહાર આણે છે. આ બાબતમાં પુરૂષો પણ તેટલાજ દોષિત છે. યુવાન સ્ત્રી-પુરૂષોએ સંતતિ નિયમન તથા યોગ-જ્ઞાન કહો કે ભોગ-જ્ઞાન કહો. આ બધું સમજપૂર્વક શિખવું જોઇએ અને સ્ત્રીઓને સમજણ આપવી જોઇએ; તેમના વિકાસમાં મદદરૂપ થવું જોઇએ. ઉછેરન અને ઉછેરના આ વિષયમાં બેદરકાર રહેવાથી પ્રજાનું જીવનધન બરબાદ જાય છે—અને આર્થિક દ્રષ્ટિએ પણ પારાવાર નુકશાન થાય છે.

## પોતાનુંજ પરિણામ

દરેક દુઃખ, રોગ કે શોક એ પોતાનાંજ કાર્યનું પરિણામ છે, અને તેમાંથી ઉગરવું એ સર્વના પોતાનાજ હાથમાં છે. ટુંકમાં પ્રારબ્ધપર આધાર રાખનારા માણસો પુરૂષાર્થ રહિત થાય છે અને આખરે તેઓ આલોક પરલોકને બગાડે છે, પોતાનું અને સમાજનું અહિત કરે છે.

## બાળમંદિરો

કેળવણીની અને બાળ-વિકાસના અનેક ક્ષેત્રોની કડી સાંધવા નુતન પ્રકારના, મોન્ટીસોરી પદ્ધતિના અને એવા બાળમંદિરો સ્થપાવા લાગ્યા છે. દરેક જુવાન સમાજ આ મંદિરોને નિહાળે, સંભાળે અને નિર્મળ ભાવથી પોષી કરે એટલું ઇચ્છી અત્યારે વીરમું છું.

—લાલચંદ જયચંદ વ્હોરા.

## જીવન અને મૃત્યુ.

ક્ષણે ક્ષણે આગળને આગળ વધવાની મહેચ્છા હોવી, અને એ મહેચ્છાને ઉત્સાહ અને ખંતથી આચારમાં ઉતારવી એ જીવનનું સાચું લક્ષણ છે.

શું યોગ્ય અને શું અયોગ્ય? શું સાચું અને શું ખોટું! એનો વિચાર કરવો, વિચારીને નિશ્ચય કરવો, અને એ નિશ્ચયને દ્રઢતાથી અમલમાં મૂકવો એ જીવનનું સાચું લક્ષણ છે.

જે ક્ષણે માણસ માને કે હવે બહુ થયું. હવે વધારે જ્ઞાનની મ્હારે જરૂર નથી, અને તેથી વધારે અભ્યાસની કે વિચાર કરવાનીયે જરૂર નથી તે ક્ષણથી તેનું મૃત્યુ થયું સમજવું. તેનો દેહ ભલે જીવતો જણાય, પણ તેનો આત્મા તો મરેલોજ હોય છે. જે ક્ષણે સાચું અને યોગ્યજ કરવાનો પુરૂષાર્થ અટકી જાય તે ક્ષણે તે મરેલોજ છે.

**જીવન** એટલે પ્રગતિ. અમુક હદ સુધીની નહિ પણ અનંત પ્રગતિ. આ પ્રગતિનો અવરોધ એટલેજ મૃત્યુ.

જે આગળ નથી વધતો તે પાછળ પડે છે. જે ઉંચે નથી ચઢતો તે નીચે ગબડે છે. જે જીવતો નથી તે મરેલો છે. જ્યાં પ્રગતિ નથી ત્યાં અવનતિ છે.

**કાં તો** ઉંચે ચઢો, કાં તો નીચે ગબડો. કાં તો જીવો કાં તો મરો. આ બેમાંથી દરેકે પસંદગી કરવાની છે. બે વચ્ચે કાંઇ જગ્યા નથી. કુદરતનો એ અબાધિત કાનુન છે.

**આપણે** શું જોઇએ છે? જીવન કે મૃત્યુ? આપણાં બાળકોને શું આપવું છે? જીવન કે મૃત્યુ?

—સુબોધક.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરફ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.